સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 53 ❖ Issue : 06 ❖ Pages : 36 ❖ Mumbai ❖ June 2025 ❖ Price : Rs.8/-

સ્મરણાંજલિ

: જન્મ
Dt. 26-2-1952

અરિહંતશરણ :
Dt. 18-6-2017

સ્વ. શ્રીમતી રશ્મિબેન લલિતભાઈ રામાણી

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે,
સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડ્યું નહીં,
આપના પવિત્ર પ્રેમ લાગણી સંસ્કારો...
અમારા સર્વેના હૃદયમાં સદા જીવંત રહેશે...

હે પરમકૃપાળુ પરમાત્મા આવા સરળ, પ્રેમાળ, મિલનસાર આત્માને
સાચી શાંતિ આપજો...

: પ્રેમાળ પરિવાર :

લલિતભાઈ મુળજીભાઈ રામાણી

નિકુંજ-સોનલ	આશિષ-કિંજલ	કાજલ-મેહુલ
દર્શિતા, હેતાંશ	હેનીલ, સાન્વી	વિરાલી, રાજવી

(મૂળ વતન લાખાપાદર)

: પિયર પરિવાર :

સ્વ. શ્રી પોપટલાલ દુર્લભજી દોશી પરિવાર
(જૂનાગઢવાળા)

: નિવાસસ્થાન :
બી/૪, સ્વસ્તિક બંગ્લોઝ, વસંતકુંજ સોસાયટી, જૈનનગર, પાલડી, અમદાવાદ-380007 • (M) 98252 54900

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,

૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,

૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.

ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨

સમય : બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)

E-Mail:svjainsamajmumbai2@gmail.com

data@svjainsamaj.com www.svjainsamaj.com

તંત્રી : શ્રી જયેશ શરદચંદ્ર વસા - મો. ૯૩૨૨૨૬૬૭૧૪

સમાજની કારોબારી સમિતિ

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા.......................... પ્રમુખ

શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા .... ભૂતપૂર્વ પ્રમુખ

શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા.......................... ઉપપ્રમુખ

શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી..............માનદમંત્રી

શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા....................માનદમંત્રી

શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા.......................ખજાનચી

શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા.......................મુખપત્ર તંત્રી

શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી.......................... સભ્ય

શ્રી જયુભાઈ ચુનીલાલ દોશી.............................. સભ્ય

શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા............................ સભ્ય

શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા............................ સભ્ય

શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા.......................... સભ્ય

શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા............................ સભ્ય

ડૉ. ધર્મેશભાઈ રસિકલાલ વોરા........................... સભ્ય

શ્રી મેહુલભાઈ વિનોદરાય શેઠ .... સભ્ય

શ્રી અરૂણભાઈ મનસુખલાલ વોરા......................... સભ્ય

શ્રી પ્રવીણચંદ્ર ચીમનલાલ વોરા........................ કો-ઓપ્ટ

શ્રી હિતેષભાઈ છોટાલાલ વોરા........................ કો-ઓપ્ટ

Bank Details

Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ

Banker : Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.

S.B. A/C No. 03870100000044

IFSC : BARB**0**BULLIO **(fifth digit will be numerical zero),**

MICR : 400012047

NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST

Banker : Union Bank of India

Princess Street, Mumbai - 400002

S.B.A/C.No. 319102010054364

IFSC : UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.

Auditor : Punit Golwala & Co.

Chartered Accountant, Mumbai-400 009.

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-

પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)

મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ

૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,

મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪

સંતોષ

હું બસમાં ચડી ગયો. અંદર ભીડ જોઇને હું ખુબ અસ્વસ્થ થઇ ગયો. થાકી ગયો હતો પણ બેસવાની જગ્યા નહોતી. બસ ત્યારે જ, એક વ્યક્તિએ તેની સીટ ખાલી કરી. ખાલી સીટની બાજુમાં ઊભેલો માણસ ત્યાં બેસી શક્યો હોત, પરંતુ તેના બદલે તેણે મને એ સીટ ઓફર કરી. થાકી ગયો હોવાથી મેં તો તક ઝડપી લીધી અને સીટ ઉપર બેસી ગયો કેમકે મારે છેલ્લા સ્ટોપ ઉપર ઉતરવાનું હતું અને લગભગ અડધો કલાક નો પ્રવાસ બાકી હતો. બે સ્ટોપ ગયા પછી ફરી એ જ વાત બની. તેણે પોતાની સીટ બીજાને આપી દીધી. સમગ્ર પ્રવાસ દરમિયાન આવું ૫-૬ વખત બની ગયું અને મારુ મન વિચારોના ચકરાવે ચડી ગયું. આ માણસ એક સામાન્ય કામદાર જેવો દેખાતો હતો, થાકેલો હતો અને આખો દિવસ કામ કર્યા પછી ઘરે પાછો ફરતો હતો.

છેલ્લા સ્ટોપ પર જયારે અમે બધા ઉતર્યા ત્યારે મારાથી રહેવાયું નહિ અને મેં તેની સાથે વાત કરી. 'જયારે જયારે પણ તમને ખાલી સીટ મળી ત્યારે ત્યારે તમે તમારી સીટ બીજા વ્યક્તિને કેમ આપી રહ્યા હતા ? તમારે તો છેલ્લા સ્ટોપ ઉપર ઉતરવાનું હતું અને લગભગ ૩૦ મિનિટનો પ્રવાસ બાકી હતો અને તેમ ખુબ થાકેલા પણ હતા.'

નમ્ર ભાવે તેનો જવાબ મને આશ્ચર્યચકિત કરી ગયો. તેણે કહ્યું 'હું મારા જીવનમાં બહુ ભણ્યો નથી કે હું ધનિક પણ નથી અને મારા પરિવારનું ગુજરાન પણ મહામહેનતે પુરૂં કરી રહ્યો છું. ઘણી બધી બાબતો જાણતો પણ નથી. મારી પાસે વધારે પૈસા પણ નથી તેથી મારી પાસે કોઇને આપવા માટે કંઇ જ નથી. એટલે જ હું દરરોજ આવું કરું છું. આ એક એવી વસ્તુ છે જે હું સરળતાથી કરી શકું છું અને વગર પૈસે કરી શકું છું અને મને પોતાને પણ કંઇક સંતોષ થાય છે કે મેં કંઇક તો સારું કર્યું છે. ફળ શું મળશે તે ખબર નથી પણ મનને સંતોષ મળે છે અને રાત્રે નિરાંતથી ઊંઘ આવે છે તેજ મારી જીંદગી છે. 'આખો દિવસ કામ કર્યા પછી હું થોડો વધુ સમય માટે ઊભો રહી શકું છું. મેં તમને મારી સીટ આપી અને તમે આભાર કહ્યું. મેં કોઇના માટે કંઇક કર્યું તેનો મને સંતોષ હતો.''

તંત્રી સ્થાને થી....



શ્રી જયેશ શરદચંદ્ર વસા
મો. ૯૩૨૨૨ ૬૬૭૧૪

જો સાધર્મિક ભક્તિ મધ્યમ વર્ગ ના માનવીને નહિ પહોંચે તો તેમની આવનારી પેઢીના લોકોનું ભવિષ્ય કેવું હશે? જો સાધર્મિક ભક્તિ મધ્યમ વર્ગ ના માનવીને સમયસર મળી જશે તો તેમની આવનારી પેઢીના લોકોનું ભવિષ્ય કેવું હશે?

પુણ્યશાળી પ્રણામ,

આપણા લગભગ પરિવારોમાં આજે જે કાંઇ સગવડ કે પૈસે ટકે સુખી સંપન્ન છીએ એમાં છેલ્લી ત્રણ-ચાર પેઢીઓની અથાગ મહેનત, લગન, કઠિન પરિશ્રમ, સંસ્કાર અને સંઘર્ષ ના પરિણામે છીએ.

આજે ગાડી બંગલામાં તેમજ દેશ વિદેશ ના શહેરોમાં પહોંચા પહોંચતા ત્રણ થી ચાર પેઢીઓનો આપેલો ભોગ અને એ પણ આપબળે, સ્વમેહનતે, સ્વામાનભેર, સાદગી, ભાઈચારા, સંસ્કારી અને સુગંધી જીવન જીવી જાણ્યાં!!

આપણા માંથી મોટાભાગના લોકો એવા હશે કે તેમને કાં તો તેમના માતાપિતા આગળથી ઉપર મુજબની વાત સાંભળી હશે અથવા તો પોતાની અંગત જીંદગીમાં થોડો ઘણો અનુભવ પણ કર્યો હશે. આર્થિક રીતે સુખી પરિવાર ને ત્યાં કદાચ કોઇ અણધાર્યો ખર્ચે જેમકે માંદગી વિગેરે આવી ગયું તો તેઓ સહેલાઇથી પહોંચી શકે છે. તેઓ તેમના બાળકોને સારામાં સારું શિક્ષણ પણ આપી શકે તેવી પરિસ્થિતિમાં પહોંચી ગયા હોય છે. પણ અત્યારે જે પરિવાર આર્થિક રીતે સધ્ધર નથી તેઓ તેમના અણધાર્યા આવેલા માંદગી ના ખર્ચ ને કેમ પહોંચી વળશે ? તેઓ તેમના બાળકોને સારૂં શિક્ષણ કેમ આપી શકશે ? તેમજ તેમની આવનારી પેઢી સમાજમાં સધ્ધર કેમ બની શકશે ?

અત્યારે માંદગી અને ભણતર બને ખર્ચમાં દિવસે ને દિવસે ધરખમ વધારો થતો જ જાય છે. લાખો રૂપિયાના બજેટવાળું ભણતર તેમજ માંદગી ના લાખો રૂપિયાનો હોસ્પિટલ નો ખર્ચ મધ્યમ વર્ગીય પરિવારની કમર તોડી જ નાખે છે સાથે તેઓના પરિવારની આગળની જીંદગી દર્દનીય બનાવી દે છે. જો સામજના મધ્યમ વર્ગીય પરિવારને અત્યારે સંભાળી લેશું તો ભવિષ્યમાં તે જ પરિવાર બીજા પરિવારને પણ સંભાળી લેશે.

આપણે બધા આર્થિક રીતે સક્ષમ પરિવાર સાથે મળીને પોતપોતાની કેપેસિટી પ્રમાણે આપણાં જરૂરિયાત વાળા પરિવારોને માંદગી તેમજ શિક્ષણ ની સહાય માં ટેકો ન આપી શકીયે ?

આપણે તેમને ટેકો આપશું તો આપણાં સાધિર્મક પરિવારોને ત્યાં આવતી માંદગીના ખર્ચને તેઓ પહોંચી વળશે તેમજ તેમના બાળકો પણ સારામાં સારું શિક્ષણ પામી શકશે જેથી તેમનાં સંતાનો સારું ભણીગણીને સારામાં સારું મહેનતાણું મેળવી શકે તેમજ તેમની આવનારી પેઢી પણ સારામાં સારું શિક્ષણ પામી શકશે તેમજ પરિવારમાં કદાચ માંદગી આવે તેને પણ સારી રીતે પહોંચી વળશે.

આર્થિક રીતે નબળા પરિવારો જેમ જેમ આર્થિક રીતે સદ્ધર થશે તેમ તેમ સમાજમાંથી આર્થિક સહાયની જરૂરિયાત વાળો વર્ગ ઓછો થતો જશે.

દરેક વ્યક્તિને ધન પુણ્યથી મળે છે અને આપણને પુણ્ય થી મળેલા ધનનો ઉપયોગ સાધિર્મક ભક્તિ રૂપે સદ્દુપયોગ કરશું તો ધનનો વધારો તો થવાનો જ છે પણ સાથે સાથે પુણ્યની પણ વૃદ્ધિ થવાની છે. લાગણીથી, દિલથી અને ઉલ્લાસ થી આપેલા નાનામાં નાની રકમ ની સહાય નું મૂલ્ય મોટામાં મોટી રકમની સરખામણી કરી શકે છે. બીજું આપણાં ધનનો સદુપયોગ કરવાનો આ અમૂલ્ય અવસર છે. જીવનમાં જો કાંઇ સાથે આવશે તે આપણાં કરેલા સારા સુકૃત કર્મો.

શું આપણે આપણાં ભાઇચારા નો વારસો જાળવી શકશું ?

સાધર્મિક પરિવારનોની આંતરડી ઠારવાનો આ સરળ માં સરળ ઉપાય છે.

ચાલો આપણે બધા સહુ સાથે મળીને સાધિર્મક ભક્તિ કરવાનો નમ્ર પ્રયાસ કરીયે.

જીવન-ધર્મ શ્રેણી

મૈત્રીભાવના એટલે શુભ થાઓ સકલ વિશ્વનું એવી અંતરની અભિલાષા

- મહેન્દ્ર પુનાતર

મૈત્રી અને પ્રેમ માટે ભાવશુદ્ધિ જરૂરી છે. આ માટેના મહત્વના ચાર ચરણો છે કરુણા, સંવેદના, પ્રસન્નતા અને ઉદારતા. આ બાબત જીવન સાથે વણાઇ જાય તો આપણે જે કાંઇ કરીશું તે સારું જ થશે. ભગવાન મહાવીર કહે છે પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ એટલે કે કોઇના પણ પ્રત્યે દ્વેષ, વેરઝેર અને ઘૃણા નહીં. મૈત્રીમાં નિસ્વાર્થ ભાવના કોઇપણ જાતની અપેક્ષા નહીં. આમાં આપવાનું મહત્વ છે શું આપો છો તે નહીં. મૈત્રી બધાનો સ્વીકાર કરે છે.

આપણે અગાઉના લેખોમાં બાર ભાવનાઓનો વિસ્તૃત ખ્યાલ કર્યો. આ બાર ભાવનાઓ ઉપરાંત બીજી ચાર ભાવનાઓ મૈત્રી, પ્રમોદ, કરુણા, અને મધ્યસ્થ છે. આ ચાર ભાવનાો પરાભાવના, અનુસંધાન ભાવના કે પૂરક ભાવનાઓ તરીકે પણ ઓળખાય છે. આ ચાર ભાવનાઓનું ચિંતન બીજી બાર ભાવનાઓને સમજવામાં સહાયરૂપ બને છે. પ્રેમ, મૈત્રી અને કરુણા વગર હૃદયના દ્વારો ખુલે નહીં. ભગવાન મહાવીરે પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીનો ભાવ રાખવાનું કહ્યું છે. આમાં જગતના તમામ જીવોના કલ્યાણની વાત છે. પ્રભુએ પ્રેમ અને મૈત્રીનો સંદેશો આપ્યો છે. 'મિતિ મેં સવ્વ ભુએષુ વૈરં મઝૂજ ન કેવઇ.' બધા મારા મિત્રો છે. મારે કોઇની સાથે વેર નથી. આ માત્ર વિચાર નથી. પ્રગાઢ ભાવ છે. પ્રેમ અને મૈત્રી હોય ત્યાં હિંસા સંભવી શકે નહીં. પ્રેમ અને મૈત્રીમાં સ્વાર્થ, લોભ કે લાલચ હોય નહીં. એમાં કશું લેવાની કે પ્રાપ્ત કરવાની પણ ઇચ્છા કે અપેક્ષા ન હોય. આમાં તો આપણી પાસે જે કાંઇ છે તે આપવાનું છે. બીજાના કલ્યાણની મહેચ્છા રાખવાની છે.

અહીં હું જે મૈત્રી અને પ્રેમની વાત કરી રહ્યો છું તે સાંસારિક. લૌકિક પ્રેમ અને મૈત્રીની વાત નથી. આ વાસનારહિત શુદ્ધ પ્રમેની અને કોઇપણ જાતના નીજી સ્વાર્થ વગર સામી વ્યક્તિ કે જીવના કલ્યાણની વાત છે. અસ્તિત્વના તમામ પદાર્થો પ્રત્યે આપણે મૈત્રીભાવ કેળવવાનો છે. ભગવાન મહાવીનું મૈત્રીનું ફલક ઘણું વિસ્તૃત છે. તેઓ ઊઠતા, બેસતા કે ચાલતા ત્યારે કુદરતના કોઇ પણ તત્ત્વને પોતાના થકી કશી હાનિ ન પહોંચે તેનો ખ્યાલ કરતા હતા. હવાના એક ઝોકાની જેમ તેઓ આવતા અને જતા. તેઓ ઘરમાં હોવા છતાં ઘરના લોકોને તેમની હયાતીનો ખ્યાલ આવતો નહોતો અને પરિવારજનોને પણ ખ્યાલ આવી ગયો હતો કે મહાવીર હોવા છતાં અહીં નથી.

મૈત્રી અને પ્રેમ માટે ભાવ શુદ્ધિ જરૂરી છે. આ માટેના મહત્ત્વના ચાર ચરણો છે. કરુણા, સંવેદના, પ્રસન્નતા અને ઉદારતા. આ બાબત આપણા જીવન સાથે વણાઇ જાય તો જે કાંઇ કરીશું તે સારું જ થશે. મૈત્રીનો ભાવ આવે તો શત્રુતા, ઘૃણા અને વેરઝેર ખતમ થશે, કરુણાનો ભાવ આવે તો ક્રુરતા, હિંસા અને નફરત દૂર થશે. પ્રસન્નતા ઉદાસી, વિષાદ, સંતાપ મટી જશે અને ઉદારતા આવશે તો દિલ મોટું થશે અને કૃપણતા દૂર થશે.

આપણા ભાવો કઇ દિશામાં જઇ રહ્યા છે તેના પરથી આપણે કેવા છીએ તેનો ખ્યાલ આવે છે. જગતમાં દુઃખ હતાશા, નિરાશા અને અશાંતિ છે તેના મુળમાં હિંસા છે. કામ, ક્રોધ, લોભ અને

મોહ એ પણ હિંસાના સૂક્ષ્મ સ્વરૂપો છે. પ્રભુએ કહ્યું છે. પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ રાખો. સૌ જીવો આપણા જેવા છે. ભગવાન મહાવીરે અહિંસાને શક્તિ ગણાવીને જગતને પ્રેમ અને મૈત્રીનો સંદેશો આપ્યો છે.

જીંદગી હંમેશા દ્વંદમાં ચાલે છે. હિંસા-અહિંસા, સત્ય-અસત્ય, પ્રેમ-દ્વેષ, સારું-નરસું, મિત્રતા-શત્રુતા. આમ આપણે એક દ્વંદને પસંદ કરી છીએ ત્યારે તેની અસર બીજા દ્વંદમાં પહોંચવી શરૂ થઇ જાય છે. કોઇ અજાણ્યા માણસ સાથે વેર થતું નથી. જેની સાથે સબંધ હોય તેની સાથે જ વેરઝેરના બીજ રોપાતા હોય છે. સુખની સાથે દુઃખ આમ બધુ એક બીજા સાથે સંકળાયેલું છે. મહાવીર જયારે કહે છે બધાની સાથે મારે મૈત્રી છે એનો અર્થ કોઇની પણ સાથે શત્રુતા નથી. મહાવીર કહે છે પ્રાણી માત્ર પ્રત્યે મને પ્રેમ છે. તેનો અર્થ છે તેમને કોઇના પ્રત્યે દ્વેષ અને ઘૃણા નથી. મિત્રતા અને શત્રુતા વચ્ચે જે કોઇ બચી જાય છે તેને મહાવીર મૈત્રી કહેછે અને દ્વેષ અને પ્રેમ વચ્ચે જે કાંઇ બચી જાય છે તેને મહાવીર પ્રેમ કહે છે. મહાવીર બે અંતિમો વચ્ચે રહેવાનું કહે છે. કોઇ પણ અતિ પર નહીં જવાનું પણ મધ્યમાં રહેવાનું કહે છે.

મૈત્રીમાં નિસ્વાર્થ ભાવના હોય, કોઇ પણ જાતની અપેક્ષા ન હોય, કશું મેળવવાનું ન હોય, માત્ર આપવાનું હોય, કાંઇક કરી છૂટવાનું હોય. મૈત્રીમાં આપવાનું મહત્ત્વ છે. શુ આપો છો તેનું મહત્ત્વ નથી. મિત્ર જયારે આપે છે ત્યારે તેનો સ્વીકાર મહત્ત્વનો છે. આ માટે અનુગ્રહિત થવું જોઇએ. સુદામા જયારે કૃષ્ણને મળવા ગયા ત્યારે તાંદુળ પોટલીમાં બાંધીને ગયા હતા. માંડમાંડ ભૂખ વેઠીને મૂઠીભર ધાન ભેગું કર્યું હતું. ઐશ્વર્યના સ્વામીને તાંદળની શું ખોટ હતી? પણ સુદામાને મન બહુ મોટી કિંમત હતી. સુદામાને આ ભેટ આપવામાં થોડો સંકોચ પણ હતો. પણ કૃષ્ણ આ વાત સમજી ગયા હતા અને આને મોટી ભેટ તરીકે માનીને ઉમળકાભેર સ્વીકાર કર્યો હતો. મૈત્રીમાં પ્રેમ મહત્ત્વનો છે શું આપો છો તે મહત્ત્વનું નથી. પ્રેમ અને ભાવથી આપેલી નાની એવી ચીજનું સોના જેટલું મહત્ત્વ છે. સુદામાએ કોઇ અપેક્ષાથી આપ્યું નહોતું. પણ જયાં ઉદાર ભાવ હોય ત્યાં દરેક વસ્તુ કિંમતી બની જાય છે. સુદામા આપવા ગયા હતા એટલે તેમનો હાથ ઉપર રહ્યો છે. જીવનમાં જે કોઇ ઉદાર દિલે આપી શકે છે તે જ મેળવી શકે છે. લેવાની જ ભાવના હોય તેવા ભીખારીઓના હાથમાં શકોરૂ પણ આવતું નથી.

આપણી મૈત્રી સ્વાર્થના પાયા પર રચાયેલી હોય છે એટલે છેવટે કશું હાથમાં આવતું નથી. કોઇ પણ જાતના સ્વાર્થ અને હેતુ વગર આપણે મૈત્રી કરતા નથી. આપણાને તો આપણી ખુશામત કરે, વાહવાહ કરે એવા મિત્રો ગમે છે. કોઇ સાચી વાત કહે તે ગમતી નથી. તુરત વાકું પડી જાય છે. ધન, પદ અને સત્તા હોય ત્યારે મિત્રો તો ઠીક, સગાસંબંધીઓ પણ દૂર ભાગે છે. કોઇની મદદ લેવાનો સમય આવે ત્યારે માણસ ડાહ્યો બની જાય છે. આપવાનો સમય આવે છે ત્યારે દૂર ભાગે છે. ખરે વખતે જે કામ આવે તે સાચો મિત્ર. પોતાને સુખ અને સગવડ મળ્યા પછી માણસ સ્વાર્થી બની જાય છે. પછી તે બીજાનો વિચાર કરતો નથી. જે માણસને મિત્ર ન ગણે તે પ્રાણીઓને અને બીજા જીવોને મિત્ર કેવી રીતે ગણી શકે ?

એક ફકીરની નાનકડી ઝૂંપડી હતી. બહાર જોરદાર વરસાદ અને પવન ફુંકાતો હતો. રાતના બાર વાગ્યાનો સુમાર. ફકીર અને તેની પત્ની સૂઇ ગયા હતા. ત્યાં બહારથી કોઇએ બારણું ખખડાવ્યું. ફકીરે પોતાની પત્નીને જગાડીને કહ્યું, બહાર કોઇ આવ્યું લાગે છે. કદાચ કોઇને આશ્રયની જરૂર હશે. કોઇ યાત્રી બારણે આવ્યો લાગે છે. બારણું ખોલો. પત્નીએ કહ્યું : ઝૂંપડીમાં તો આપણે બે માંડમાંડ સૂઈ રહીએ એટલી જગ્યા છે. ત્રીજી વ્યક્તિને આમાં કયાં સુવડાવીશું ?

ફકીરે કહ્યું, ગાંડી! આ કોઇ થોડો અમીરનો મહેલ છે કે તે નાનો પડે. આ તો ગરીબની ઝૂંપડી છે તે કદી નાની પડે નહીં. દિલ મોટું હોય તો જગ્યા નાની પડે નહીં. અને દિલ જો સાંકડું હોય તો રાજાનો મહેલ પણ ઝૂંપડી જેવો બની જાય. દ્વાર ખોલો. આંગણે આવેલા મહેમાનને કાંઇ પાછો કઢાય. આપણે બે આરામથી સુતા હતા. હવે આપણે ત્રણે જણા આરામથી બેસીશું. આ માટે તો પૂરતી જગ્યા છે.

પત્નીને બારણું ખોલ્યું. પાણીથી ભીંજાયેલો આંગતુક અંદર આવ્યો. તેને શરીર લૂછવા માટે ટુવાલ આપ્યો. અને ત્રણે જણા બેસીને વાતોએ વળગ્યા થોડીવાર થઇ ત્યાં બારણે પાછા ટકોરા પડ્યા. બીજા બે આંગતુકો બહાર ઊભા હતા. ફકીરે બારણા પાસે બેઠેલા, થોડીવાર પહેલા આવેલા મિત્રને કહ્યું બારણું ખોલો. તેણે ખચકાટ અનુભવ્યો અને કહ્યું હવે અહીં જગ્યા કયાં છે? માણસની સ્વાર્થ ભાવના જુઓ. હુજ હમણાં જ જેને આશ્રય મળ્યો છે તે પણ પોતાના સંકુચિત સ્વાર્થને જુએ છે. પોતાને સગવડ મળી ગઇ બીજાની કોઇ ચિંતા નથી.

ફકીરે કહ્યું : પ્રેમ હોય ત્યાં જગ્યા એની મેળે થઇ જાય છે. આપણે આરામથી બેઠા હતા. હવે સંકડાશથી એકબીજાની અડોઅડ બેસીશું. આ માટે પૂરતી જગ્યા છે. ઠંડીમાં એકબીજાની હૂંફ રહેશે. બે નવા આંગતુકો અંદર આવ્યા. બધા સાંકડમોકડ બેસી ગયા અને વાતો કરવા લાગ્યા. બહાર ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો. એટલામાં એક ગધેડાએ બારણા સાથે માથું અફળાવ્યું. મૂંગુ પ્રાણી વરસાદમાં ધ્રુજતું હતું અને આશ્રય માટે ઝંખતું હતું.

ફકીરે બારણાને ટેકો દઇને બેઠેલા બે નવા આંગતુકોને કહયું: કોઇ નવો મિત્ર આવ્યો લાગે છે. જરા જુઓ તો? આ બે માણસોએ તિરાડમાંથી જોયું અને કહ્યું ચિંતા કરવાની જરૂર નથી. આ કોઇ મિત્ર નથી. ગધેડો બહાર ઊભેલો છે. તેના માટે બારણું ખોલવાની જરૂર નથી.

ફકીરે કહ્યું, આ તો ગરીબની ઝૂંપડી છે. અમીરોના દરવાજે માણસ સાથે ગધેડા જેવો વર્તાવ થાય. પરંતુ રંકની ઝૂંપડીમાં તો ગધેડા સાથે પણ માણસ જેવો વહેવાર થાય છે. બારણું ખોલી નાખો. આ બિચારું મૂંગુ પ્રાણી કયાં જશે ? આ બંને કહેવા લાગ્યા તમારી વાત બરાબર છે પણ જગ્યા કયાં છે. ગધેડાને કેવી રીતે અંદર લઇશું.

ફકીરે કહ્યું, જગ્યા તો ઘણી છે. આપણે સાંકડમોકડ બેઠા હતા, હવે અંદર ગધેડાની આસપાસ સાંકડમોકડ ઊભા રહીશું.

પ્રેમ હોય ત્યાં જગ્યા સાંકડી પડતી નથી. પ્રેમ બધાને સમાવી લે છે. હૃદય પ્રેમપૂર્ણ બને છે ત્યારે સંકડાશ રહેતી નથી. આ છે મહાવીરની મૈત્રી. જીવન આજે દુઃખી અને તનાવપૂર્ણ બની ગયું છે તેનું કારણ મૈત્રી અને પ્રેમનો અભાવ છે. સ્વાર્થ, લોભ અને લાલચના કારણે સંબંધો સંકુચિત અને સીમિત બની ગયા છે અને વેરઝેર અને દુશ્માનાવટ વધી છે.

મૈત્રીભાવના એટલે જગતના તમામ જીવો રાગ-દ્વેષ, દુઃખ-પીડાથી મુક્ત થાય અને તમામ જીવોનું કલ્યાણ થાય એવી ભાવના. મૈત્રી એટલે બીજાના સુખની ઇચ્છા અને પોતાના થકી કોઇને પણ દુઃખ અને હાનિ ન પહોંચે એની ખેવના. મૈત્રી ભાવના એટલે બીજાના સુખ માટે કાંઇક કરી છૂટવાનો ભાવ. કોઇ પાપ ન કરો, કોઇ દુઃખી ન થાવ એવી અંતરની અભિલાષા. દુઃખીના દુઃખ દૂર કરવા, ગુણીજનોની અનુમોદના પાપીને ક્ષમા અને શત્રુ પ્રત્યે પણ શુભભાવના એનું નામ મૈત્રી.

બીજાના હિતની ચિંતા કરવી, બીજાનો ખ્યાલ કરવો, બીજાને સહાયરૂપ થવું ઉપરાંત જૈન દર્શન કહે છે કોઇપણ જીવ દુઃખી ન થાય અને પરમસુખને પામે તેવી ભાવના રાખવી, એનું નામ મૈત્રીભાવના.

આપણા પ્રત્યે મૈત્રી અને પ્રેમ રાખે તેના પ્રત્યે મૈત્રી રાખીએ તેમાં કશું નવું નથી પણ આપણા પ્રત્યે જે રાગદ્વેષ રાખે, દુર્ભાવ રાખે તેમના પ્રત્યે પણ મૈત્રીનો ભાવ રાખીએ અને તેમના પ્રત્યે પણ શુભેચ્છા વ્યક્ત કરી તેનું નામ મૈત્રીભાવના. મૈત્રીનો આ ભાવ જગતના તમામ જીવો પ્રત્યે રાખવાનો છે.

શ્રીચિત્રભાનુજીએ કહ્યું છે તેમ...

''મૈત્રીભાવનું પવિત્ર ઝરણું
મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું
એવી ભાવના નિત્ય રહે.''

(હવે પછી પ્રમોદ ભાવના)

શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ – મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪, જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃંદાવન પ્રીમાઈસીસ કો. ઓ. સોસાયટી લી., રૂમ નં. ૪૩, ૩જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન ૪૯૧૩૪૦૩૦

જુન માસના રાહત દરે અનાજ વિતરણ સહાય
માસિક તિથિ યોજનાના સહાયક દાતા

જુન માસના આર્થિક સહાય
માસિક તિથિ યોજનાના સહાયક દાતા

સ્વ.મણીભાઈ દુર્લભજી ધોળકીયા (તા.૦૭-૦૬-૨૦૦૦)

સ્વ.શારદાબેન મણીભાઈ ધોળકીયા (તા.૧૦-૦૧-૨૦૨૫)

શ્રી મણીભાઈ દુર્લભજી ધોળકીયા પરિવાર તરફથી

૩૯ મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



રાણપુર (સોરઠ) નિવાસી

સ્વ. તનસુખલાલ કાલિદાસ દોશી

જન્મ: તા. ૨૨-૧૨-૧૯૨૨ સ્વર્ગવાસ: તા. ૨૬-૦૬-૧૯૮૬

તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચૌ-તરફ મુકતા ગયા
સુખને છલકાવ્યું નહિ, દુ:ખને દેખાડ્યું નહિ, જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહિ.
અમારી સુખ-દુ:ખની પ્રત્યેક પળોમાં આપની પ્રેરણા અને આશીર્વાદ અમોને મળતા રહ્યા.
જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ, આખમાં અમી, દરિયા જેવું દિલ,
મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ,
વ્યવહારિક સુઝ અને બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળા,
હસતો રાખી ચહેરો, કાયમી લીધી વિદાય અને મૃત્યુને પણ કર્યું અમર.
તમે આવ્યા અમારા જીવનમાં, ફૂલછડી બનીને, ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઉઠ્યા,
યાદ તમારી આવતા, આખલડી છલકાય છે. જોઈ તસવીર તમારી, આંસુ ઉભરાય છે.

-: પ્રેમાળ પરિવાર :-

પુત્ર તથા પુત્રવધૂ : મનહર-મનોરમા, બિપીન-ભારતી, સતીશ-સુધા
પુત્રી-જમાઈ : ચંદ્રિકા-વિનોદરાય, યસુમતિ-નરેન્દ્રકુમાર, હર્ષા-અજયકુમાર
પૌત્ર-પૌત્રવધુ : બ્રિજેશ-મોસમી, શ્રેયષ, અમિત તથા ભાવિન
પૌત્રી : નિધિ, અવધી, રિયા તથા પરિતા
દોહિત્ર-દોહિત્રી : પ્રતિક, પ્રજ્ઞેશ, અક્ષય, દિપાલી, ફાલ્ગુની, કૃપાલી, સિદ્ધિ તથા નિરાલી
પ્રપૌત્રી : આયુષી, મહેક તથા આરુષી

Kayami-June

પૂ. બાને કોટિ કોટિ વંદન

પૂજ્ય મુક્તાબેન વ્રજલાલ બેચરદાસ મહેતા

જન્મઃ તા. ૨૭-૭-૧૯૨૨

સ્વર્ગવાસઃ સંવત ૨૦૬૧ના વૈશાખ વદી ૧૩ને તા. ૫-૬-૨૦૦૫.

જગતની દરેક સમૃદ્ધિ મળે, પણ કલ્પવૃક્ષ સમી તમારી છાયા ક્યાંય મળશે નહીં, આશિષ મળ્યા તમારા,
રહી આજ સુધી છત્રછાયા આપની, હશે કોઈ ગત ભવના પુણ્ય અમારા,
જન્મોજન્મ મળે તમારો વાત્સલ્યભાવ એવી અમારી અંતઃકરણની અભ્યર્થના... !
આપે મમતાભર્યા પ્રેમથી અમારું પાલન-પોષણ કરી, સાચા ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરી,
અમારા વ્યક્તિત્વને તમે વિકસાવ્યું છે. આપનો કુટુંબ પ્રત્યેનો સદ્‌ભાવ તેમજ સદ્‌ગુણોને સંભારી આપે
સૂચવેલા શાશ્વત મૂલ્યો અને ઉચ્ચ સંસ્કારોનો વારસો અમે સાચવી શકીએ તેવી પ્રેરણા પરમાત્મા અર્પે
તેવી અહર્નિશ પ્રાર્થના... !

લિ. વ્રજલાલ બેચરદાસ મહેતા પરિવાર

પુત્ર-પુત્રવધુઃ જયંત-શોભના, ઈન્દુમતી હરકિશન મહેતા,
પુત્રીઃ હેમલતા શશીકાન્ત પારેખ **પૌત્રઃ** દિવ્યેશ પૌત્રવધુઃ દીપ્તી
પૌત્રીઃ ભાવના નિમેષકુમાર શેઠ **પૌત્રીઓઃ** એકતા ચિરાગ વેજાણી, તૃપ્તિ, હેતલ
પ્રપૌત્ર : પૂજન, ધ્રુવ, ધૈર્ય, **પ્રપૌત્રી** : જીયા, રીયા

જયંત વી. મહેતા

૬૦૧/૬૦૨, સાઈ દર્શન, એ-વીંગ, મનુભાઈ પી. વૈદ્ય માર્ગ, તિલક રોડ,
દિનેશ ભુવન દેરાસરની સામે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ ૪૦૦૦૭૭

મોબાઈલઃ ૯૮૨૦૦૨૫૬૭૪, ૯૮૧૯૯૭૧૨૧૩, ૯૮૨૦૩૫૨૮૨૯, ૯૮૨૦૯૨૫૬૭૪ / ૯૯૩૦૪૪૪૬૯૬

Kayami-June

સંધ્યા છાયા

મનને ગમે એવું જીવો...

- નીલા સંઘવી

મિનાક્ષીબહેનની ઉંમર ૭૦ વર્ષ. જીવનના આ પડાવે એ એકલા છે. જીવન સંધ્યાએ ઘણી વ્યક્તિની સાથે એવું બને છે. જીવનસાથીનો સાથ છૂટી જાય છે. સંતાનો પોતાની જિંદગીમાં વ્યસ્ત થઇ જાય છે. ત્યારે સ્ત્રી કે પુરૂષ, બેમાંથી જે હયાત હોય તે એકલા પડી જાય છે. હવે આ એકલતાના રોદણાં રોવા કે પછી આ રોવા કે પછી આ એકલતાને 'એકાંત' માં ફેરવીને બાકી રહેલાં બોનસનાં વર્ષોમાં આનંદથી જીવવું એ વ્યક્તિના વિચારો પર, એના વર્તન પર, એની રહેણીકહેણી પર આધાર રાખે છે.

આજે મિનાક્ષીબેનની વાત કરીએ. ૭૦ વર્ષીય મિનાક્ષીબેનના જીવનસાથી સ્વર્ગે સિધાવ્યા છે. ત્રણ દીકરી વરી-પરણીને પોતાના જીવનમાં, પોતાના પરિવારમાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગઇ છે. મુંબઈમાં - મલાડમાં પોતાના એક બેડરૂમના ઘરમાં મિનાક્ષીબેન એકલાં જીવે છે. એમને પતિની યાદ સતાવે છે. ઘરમાં એકલા કંટાળો આવે છે. પ્રભુભજન કરે છે, કરી કરીને પણ કેટલો વખત પ્રભુભજન કરી શકે ? દેવ-દર્શન કરવા જાય છે, પણ સાંજે ઘેર આવ્યા પછી ઘર ખાવા ધાયા છે. એમને યાદ આવે છે પોતાનો કલરવતો ઘરસંસાર. પોતે બે અને કલબલ કરતી કાબર જેવી ત્રણ દીકરી સાંજે પડે બધા ઘેર આવે પછી રાત્રે તો ઘરમાં શોરબકોર હોય, ત્રણ દીકરી હસતી હોય, મસ્તી કરતી હોય, કયારેક લડતી હોય, પોતે બંને એમની દીકરીઓ એમને ખૂબ વહાલી. એ ત્રણેય દીકરી પણ સ્વરૂપવાન, ગુણવાન, તેજસ્વી. આજે ભલભલા લોકોને દીકરીને પરણાવતા નાકે દમ આવે છે, કેટલીયે જોડ પગરખાં ઘસાઇ જાય છે ત્યારે મિનાક્ષીબેનની દીકરીઓના માગાં તો સામેથી જ આવ્યા. એક દીકરીના લવમેરેજ, બાકીના બંનેના અરેન્જ મેરેજ, પણ મિનાક્ષીબેને દીકરીઓના લગ્ન માટે સારું ઘર શોધવા જવું ન પડયું, સામેથી જ શ્રીમંત-ખાનદાન ઘરમાં એમની ત્રણેય દીકરીઓ વારાફરતી પરણી ગઇ.

એ પછી મિનાક્ષીબેન અને તેમના પતિ બેજ જણ ઘરમાં રહ્યા. પતિ હજુ રિટાયર્ડ થયા નહોતો. મિનાક્ષીબેન આખો દિવસ ઘરમાં એકલાં જ રહેતાં, પણ સાંજે પતિ ઘરે આવવાના છે એમની રાહ જોતા પતિ માટે વિવિધ વાનગીઓ બનાવતા. દીકરીઓના જવાથી ઘરમાં કલરવ શમી ગયો હતો પણ પતિ-પત્ની જમીને વોક કરવા જતા. ગલીને નાકે આવેલા આઇસક્રીમ પાર્લરમાં આઇસક્રીમ ખાતા. ઘરે આવીને એ બંને એક ગેમ 'રમી' રમતા અને પછી સાથે મળીને ટીવી પર કોઇ શો કે સિરીઝ જોતા. આમ પરસ્પરના સહારે બંને જણ જીવન જીવી રહ્યા હતા. શનિ-રવિ કે રજાના સમયમાં દીકરીઓ પોતાના સંતાનો સાથે આવતી ત્યારે ઘરમાં જાણે ગોકુળ-વૃંદાવન ઉતરી આવતું.

સ-રસ ચાલતા જીવન પર કાળની કાળી નજર પડી અને એક રોડ અકસ્માતમાં મિનાક્ષીબેનના પતિને કાળ ભરખી ગયો. મિનાક્ષીબેન એકલાં પડી ગયાં. થોડા દિવસ તો દીકરીઓ રહી પણ પછી તો એમનોયે સંસાર હોયને ? સાંજે ઉદાસી એમને ઘેરી વળે. દીકરીઓને ફોન કરે પણ દીકરીઓ પોતાના કામમાં વ્યસ્ત હોય એટલે વધારે વાત ન કરી શકે. હવે એમને સાંજે રસોઇ બનાવવી પણ ગમતી નહીં. ટી.વી. જોવાનું પણ ગમતું નહીં. રડ્યાં કરતાં.

મિનાક્ષીબેનની આ હાલત જોઇને ત્રણેય દીકરી-જમાઇએ મિટિંગ કરી. મમ્મી માટે શું કરી શકાય ? સૌ પ્રથમ તો દીકરીઓએ પોતાના ઘેર આવવા આગ્રહ કર્યો જે પ્રસ્તાવ મિનાક્ષીબેનને નકારી કાઢ્યો. મોટી દીકરીને યાદ આવ્યું - મમ્મીને હિલ-સ્ટેશન પર રહેવાનો બહુ શોખ હતો. મમ્મીને હિલ-સ્ટેશન રહેવા મોકલી દઇએ, પણ મુંબઈમાં એમને એકલતા લાગે છે તો હિલ-સ્ટેશનમાં તો કેટલી એકલતા લાગે ? બીજી દીકરીને સરસ વિચાર આવ્યો. હિલ-સ્ટેશનની સ્કૂલમાં ભણતા બાળકો માટે નાનકડી હોસ્ટેલ ખોલીએ તો કેવું ? પણ એને માટે પૈસા જોઇએ. મલાડનો ફ્લેટ વેચી નાખવાનું નક્કી કર્યું. એ પૈસામાંથી મુંબઈની નજીકના હિલ સ્ટેશન પર વીસેક બાળકોને જોઇએ એ બધી સગવડનું ધ્યાન રાખીને ફર્નિચર બનાવડાવ્યું. બાળકોને સાચવવા બે આયા, રસોઇ કરવા માટે બે બહેનોને રાખ્યા. મિનાક્ષીબેન તો બધી તૈયારીમાં લાગી ગયાં. હવે એમનો સમય કયાં જાય છે તેની હવે ખબર જ પડતી નથી. પહેલાં સમય પસાર કરવાના વાંધા હતા હવે સમય કયાં પસાર થઇ જાય છે તેની જ ખબર પડતી નથી. થોડી જાહેરાત કરવાને કારણે શરૂઆતમાં બે-ત્રણ બાળકોએ મિના-બાની હોસ્ટેલમાં એડમિશન લીધું. બે-ત્રણ બાળકો, બે આયા, બે રસોઇવાળા બહેન. હવે મિનાક્ષીબેનનો પરિવાર માટો થઇ ગયો. હવે કામ છે, કલબલાટ છે, બાળકોની મસ્તી છે. બાળકોને સરસ મજાનો ગરમ નાસ્તો, ગરમાગરમ જમવાનું અને સ્વાદિષ્ટ ડિનર મળે છે. બાળકોને મજા આવે છે. સરસ જમવા સાથે મિના-બાનો પ્રેમ પણ મળે છે. જેને કારણે બાળકો પોતાના માતાપિતાનો વિરહ જીરવી શકે છે. રાતના બાળકો જમી લે અને હોમવર્ક કરી લે પછી બધાને ભેગાં કરીને

- અનુસંધાન પાના નં-૧૧

વેલનેસ ચેલેન્જ સ્વસ્થ ટેવોની ફોર્મ્યુલા, જેના માટે તમારે અલગથી સમય ફાળવવાનો નથી

૩૦ દિવસની ચેલેન્જ : તમને હેલ્ધી, હેપ્પી બનાવશે, સ્વજનોની નજીક લાવશે

જે તમે ફિઝિકલી એક્ટિવ નથી તો વિશ્વાસ રાખો... બીમાર પડાવાને એક પગલું દૂર છો WHO ની ગાઇડલાઇન કહે છે કે, દરેક વયસ્કે દર સપ્તાહે લગભગ ૧૫૦ મિનિટ વિઝિકલ એક્ટિવિટી ફરજિયાતપણે કરવી જોઇએ. દુનિયાના ૨૮ ટકા લોકો આ માપદંડમાં નાપાસ થાય છે. ભારતમાં આ આંકડો હજુ મોટો છે. ભારતમાં લગભગ ૪૧ ટકા લોકો શઆરીરિક કસરતથી દૂર ભાગે છે. ન્યૂયોર્ક ટાઇમ્સે એક '૩૦ ડે વેલનેસ ચેલેન્જ' બનાવી છે. આ ચેલન્જ સ્વસ્થ ટેવોને અપનાવવામાં મદદ કરે છે. ૩૦ ડે ચેલેન્જના ચાર આધાર છે. પ્રથમઃ મૂવ એટલે માઇન્ડફૂલ વંઆઉટ. બીજોશ્ર નરિશ એટલે યોગ્ય પોષણ. ત્રીજોઃ રિફ્રેશ એટલે મગજને તાજું રાખો અને ચોથો : કનેક્ટ એટલે મિત્રો સાથે જોડાઓ, પરિવારને મળો. ૩૦ ડે વર્કઆઉટ ચેલેન્જમાં તમારે ચેલેન્જના આ ચાર સિદ્ધાંતોનું નિયમિત પાલન કરવાનું છે. સાથે જ તેનું ૩૦ દિવસ સુધી પાલન કરવાનું છે. ચાલો જાણીએ તેની શરૂઆત તમે કેવી રીતે કરી શકો છો.

ચેલેન્જના ચાર સ્તરઃ તન અને મન બંનેને બનાવશે તંદુરસ્ત

(૧) મૂવ : ૬ મિનિટ વર્કઆઉટ કરો

આ ચેલેન્જનો પ્રથમ ભાગ છે. જેમા વર્કઆઉટની સાથે માઇન્ડફૂલનેસ પર પણ ભાર મુકાયો છે. આવી રીતે કરી શકો -

૬ મિનિટ વર્કઆઉટના ચાર ભાગ : પ્રથમ ભાગ કાર્ડિયો. જેમાં હાર્ટ માટે દોરડા કૂલવા જેવી કસરત કરવાની છે. બીજા ભાગાં લોઅર બોડી માટે પ્લેન્ક કરી શકો છો. ત્રીજા ભાગમાં અપર બોડી માટે પુશઅપ્સ અને ચોછા ભાગમાં એબ્સ માટે લિ ક્રેંચેસ કરી શકાય છે. આ ચારેય કસરત માત્ર ૩૦-૩૦ સેકન્ડ કરવાની છે. ત્યાર પછી ૧૫ સેકન્ડનો રેસ્ટ લેવાનો છે. તેની રિપીટ કરવાનું છે.

(૨) રિફ્રેશ : મગજની એકાગ્રતા વધારો

ચેલેન્જનો બીજો મહત્ત્વનો ભાગ છે રિફ્રેશ... તેને દિવસની શરૂઆતમાં જ કરી શકો છો. સારી વાત એ કે તેના માટે અલગથી સમય ફાળવવાની જરૂર નથી. આવી રીતે કરી શકો -

મગજ માટે એક નાની કસરત : આ કસરત તમે ટૂથબ્રશ કરતા સમયે પણ કરી શકો છો. બ્રશ કરતા સમેય પોતાની આંખ બંધ કરો. પછી ધીમે-ધીમે એક પગ પર ઊભા રહેવાનો પ્રયાસ કરો. તેનાથી શરીરનું બેલન્સ સુધરે છે. અલગ-અલગ દિવસોમાં અલગ પગ પર પ્રયાસ કરો, તેનાથી તમારી સતર્કતા વધશે.

(૩) નરિશ : ફૂડના ગુણમાં ઊમેરો કરો

ચેલેન્જના ત્રીજા ભાગમાં નરિશ એટલે પોષણ પર ભાર મુકાયો છે. જેમાં અનેક વસ્તુ હોઇ શકે છે. જેમકે -

સલાડને સ્વાદિષ્ટ બનાવો : પાંદડાવાળા સલાડમાં એક્સ્ટ્રા પ્રોટીન રિચ ફીડ મિલાવવાથી ફેટ સોલ્યુબલ વિટામિન જેવા વિટામિન (એ, ડી, ઇ અને કે) પણ મળે છે. સાધારણ સલાડમાં પનીરને ઉમેરી શકો છો કે થોડા અખરોટ વાટીને નાખી દો. ગળપણ માટે તાજા જાંબુ કે સફરજન ઉમેરો. કોબીજ અને બ્રોકલી જેવા શાકભાજી પણ તેને સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ બનાવી શકે છે.

-સૌજન્યઃ દિવ્યભાસકરમાંથી

- પાના નં-૧૦ પરથી

મિનાબા રમતો રમાડે છે, વાર્તા કહે છે. બાળકોને મજા આવે છે. બધાંને દૂધ-ફ્રૂટ આપવામાં મિનાબા કયાંય કરકસર કરતા નથી.

ધીરે ધીરે બીજા વીસ બાળકો આવી ગયા છે. મિનાબા હોસ્ટેલનું નામ થઇ ગયું છે. કેટલાંયે એડમિશન આપવા વિનંતી કરે છે પણ મિનાબા પાસે જગ્યા નથી. એ વિચારે છે થોડા પૈસા જમા થઇ જાય તો બીજા બે-ત્રણ ઓરડા ચણાવી લઇં તો થોડા વધુ બાળકોનો સમાવેશ થઇ શકે. મિનાબાની હોસ્ટેલમાં બાળકોને દાદીનો પ્યાર મળે છે. વાલીઓ ખુશ છે, ખાસ તો મિનાક્ષીબેન ખુશ છે હવે એ રડતાં નથી, હસતાં રહે છે. દીકરીઓના ફોન આવે તો એમની સાથે વાત કરવા પણ એમની પાસે સમય નથી. મિનાક્ષાબેન દીકરીઓની મદદથી પોતાની એકલતાને એક સરસ સામાજિક સેવામાં પરિવર્તન કરી દીધી છે. પોતે તો આનંદિત રહે છે સાથે સાથે અન્યને આનંદ આપે છે.

એકલતા ઘેરી વળે ત્યારે મનગમતું કામ એ જ નીજ-આનંદ પામવાનો અકસીર ઉપાય છે.

ભાવભીની શ્રદ્ધાંજલી

સ્વ. નૌતમલાલ જમનાદાસ સંઘવી

જન્મ: તા.૩૦-૧૦-૧૯૪૩ સ્વર્ગવાસ : તા. ૨૫-૦૬-૨૦૦૩

મૂળવતન : જુનાગઢ - હાલ : મલાડ

પિતા એવા હોય છે જેમનો હોવાનો અહેસાસ ક્યારેય થતો નથી
પણ ના હોવાનો અહેસાસ બહુ થાય છે
દ્રષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો
આપનો માયાળુ સ્વભાવ, આપના જીવનની સાદાઇ
સેવા અને સર્મપણની સુગંધ, સદાય મહેકતી રહેશે.

લી.યશવંતીબેન નૌતમલાલ સંઘવી

પુત્રી : પ્રીતિ ચેતનભાઈ વસા પુત્રી : શિલ્પા જીજ્ઞેશભાઈ શાહ

પુત્રી : દિપ્તી ગિરીશભાઈ દોશી પુત્રી : C.A. જીજ્ઞા ધર્મેષભાઈ શાહ

દોહિત્ર : આકાશ, વૃષભ, સૌમ્ય દોહિત્રી : શિવાની, ગ્રિષ્મા, હિતિકા, માહી

સસરાપક્ષ : પાનાચંદ કસળચંદ મહેતા

માતુશ્રી જયાબેન જમનાદાસ કાનજી સંઘવી પરિવારના

જય જીનેન્દ્ર

Kayami-June

૨૯ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. શ્રીમતી વિલાસબેન વિનોદભાઈ શાહ

જન્મ: તા. ૧૧-૭-૧૯૫૦ ❖ સ્વર્ગવાસ : તા. ૧૦-૬-૧૯૯૬

વર્ષ ૨૮ વીતી ગયાં પણ જાણે કાલની વાત છે. દ્રષ્ટિમાં હજુય રમે છે તમારો હસમુખ ચહેરો અને માયાળુ સ્વભાવ, આપના જીવનમાં નીતરતી સદાય સેવા અને કુટુંબ ઉપયોગી સમર્પણની સુગંધ સમગ્ર કુટુંબને સદાય મહેંકતી રાખશે.

''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયાં
સુગંધ જેની ચૌ-તરફ મૂકતાં ગયાં.''

આપના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ આપે તેમ જ આપના આશિર્વાદ હંમેશ અમારી સાથે રહે તેવી અમારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના...!!!

લિ.

સ્વ.વિનોદભાઈ શામજી શાહ

પુત્ર-પુત્રવધુ : જિગર - ઉર્વી

દીકરી-જમાઈ : ચૈતાલી - પરીન શાહ

પ્રપૌત્ર : નીવાન

દોહિત્ર : વિધાન અને વિહાન

શાહ શામજી સુંદરજી પરિવાર (વંથલી-સોરઠ) હાલ ગોરેગામ, દહાણુ રોડ,
મહેતા ચુનીલાલ વીરચંદ પરિવાર (મેવાસા) હાલ જામનગર, કલકત્તા

Bio-Data

Kaushal Vora

Personal Details:

Residence	- Nagpur
Date of Birth	- 26th March 1996
Place of Birth	- Khamgaon
Time of Birth	- 7.35 AM
Height	- 5’10”
Caste	- SV Murtipujak Jain

Professional Details :

Occupation	- Business (Prassang-Ethnic Wear Rental)
Education	- B.Com (Mithibai College, Mumbai)

Family Details:

Grand Father	- Lt. Chhabildas P. Vora
Grand Mother	- Champaben C. Vora
Father	- Dharmendra C. Vora (Erst) Cutting / Annealing of all types of steel flat products
Mother	- Seema D. Vora Business Woman (Prassang), Homemaker
Brother (Elder)	- Raunak D. Vora CA, HDFC Bank Ltd.
Sister-in-Law	- Darshita R. Vora Yoga Instructor, Homemaker
Ancestral Origin	- Bhader, Bagasara, Gujarat
Mosal	- Rajesh Navinchandra Bhayani, Shegaon

Hobbies:

Playing Guitar, Reading

Other Interest - Travelling, Watching Movies, Football

Contact :

Father - +91-9373107611 Mother - +91-8055016086

Raunak - +91-8055456144 Kaushal - +91-9423686909

Address :

309-310, J.K. Tower, Behind Mehta Petrol Pump, Bhandara Road, Nagpur - 400008.

ગુફતેગો

- ડૉ. ચંદ્રકાંત મહેતા

આજના જમાનામાં માણસનું મન અને હૃદય બદલાઇ ગયા છે એના જીવનમાંથી ત્યાગ, સહિષ્ણુતા અને પરોપકારની લાગણી વિલુપ્ત થઇ રહી છે આજનો માણસ આત્મકેન્દ્રી બની ગયો છે.

દુઃખ માણસને ભેગા કરાવે તથા સુખ નોખા કરાવે, આવું કેમ ?

માનવ જીવન દુઃખોનું આશ્રય સ્થાન છે. દુઃખ માણસને આજે પણ છે અને માંજે પણ છે. કોઇપણ માણસનું જીવન દુઃખોથી છલકાતું હોય એવુ બનતું નથી. ભાગ્યવાદીઓની ભાષામાં કહીએ તો સુખ અને દુઃખના ચક્રો ચાલતાં રહે છે. એટલે નરિસંહ મેહતા જેવા તત્વજ્ઞો કહે છે કે, દુઃખને એકલાએટૂલા આવવાનું ગમતું નથી એ પોતાની ફોજ કે પલટન લઇને જ આવે છે. દુઃખનું કેલેન્ડર નથી હોતું એ તિથિ કે તારીખ જોયા વગર જ ત્રાટકે છે. દુઃખ આક્રમક છે એ ભલભલાનાં હાજા ગગડાવી મૂકે છે. દુઃખ માણસની ધીરજ અને સહનશીલતાની કસોટી કરે છે. માણસને હચમચાવી મૂકે છે. એની આશાઓ છીનવી લેવાની દુઃખને આદત છે. દરેક માણસને લાગે છે કે એનું દુઃખ મોટું છે.

એક દ્રષ્ટાંત કથા મુજબ લોકોએ ભગવાનને પ્રાથના કરી કે પ્રભુ! અમને ભાગ્ય પરિવર્તનની તક આપો. ભગવાને કહ્યું: કાલે સવારે તમારા દુઃખનું પોટલું અમુક ઠેકાણેના ઢગલામાં મૂકી આવજો. અને સાંજે એ ઢગલામાંથી મન ગમતું સુખનું પોટલું લઇ આવજો. માણસો હરખમાં આવી ગયા પોતાના દુઃખનું પોટલું તૈયાર કરી પેલા ઢગલામાં મૂકી આવ્યા. સાંજે પેલા ઢગલામાંથી પોતાને ગમતાં સુખનાં પોટલા ફેંદવા લાગ્યા. દરેક પોટલામાં સુખ-દુઃખો હતાં. બધાં પોટલાં ફંકોસ્યા બાદ માણસને લાગ્યું કે બીજા કરતાં પોતાનું દુઃખ ઓછું છે અને તેઓ પોતાના નશીબનું પોટલું જ પાછું લઇ આવ્યાં. દુઃખ એ અભિશાપ નથી. દુઃખ માણસને જીવવાની દ્રષ્ટિ આપે છે. કસોટીમાં ટકી રહેવાનું આત્મબળ જાગૃત કરે છે. દુઃખ એ માણસની માણસાઇ જગાડી શકે છે.

માણસ અનાસકત રહે તો પરમાત્માની કૃપા વહેલા મોડા તેની ઉપર ઉતરે જ.

સુખ માટે ભિખારી ન બનાય, એ માટેની લાયકાત વિકસાવવી પડે. 'રામાયણના અયોધ્યા' કાંડમાં વાલ્મીકિ કહે છેઃ સદાય સુખ દુઃર્લભ છે. સુખનાં ઉદ્ભવ સ્થાનો કયાં ? વેદ વ્યાસના મતાનુસાર 'નિરોગી રહેવું. ઋણી ન હોવું, પરદેશમાં રહેવાનો વારો ન આવવો પોતાની વૃત્તિથી જીવિકા ચલાવવી અને નિર્ભયતા પૂર્વક જીવવું - આ છ બાબતો મનુષ્યલોક માટે સુખનો વિષય છે. આસક્તિહીન માટે બે બાબતો સુખદાયકઃ પૂર્ણ આસક્તિહીનતા અને ધનનો નિયમિત સ્રોત. કુલીન વ્યક્તિઓ સાથેનો સંબંધ, બુદ્ધિશાળી લોકો સાથેની મિત્રતા અને સ્વજાતીય મનુષ્યો સાથેનો મેળ રાખનાર દુઃખી થતો નથી. દુઃખી માણસ સુખની ઇચ્છા કરે છે અને સુખી માણસ વધુ સુખની અપેક્ષા રાખે છે હકીકતમાં દુઃખો પ્રત્યેનો ઉપેક્ષાભાવ જ માનસિક શાન્તિનો કીમિયો છે.' 'સુબોધ કથાસાગર' માં 'મારે કાંઇ ન જોઇએ' શીર્ષકથી એક દ્રષ્ટાન્ત-કથા આલેખવામાં આવી છે. તદનુસાર - એક સન્યાસી મહાત્મા હતા. તેઓ એટલા બધા પવિત્ર હતા કે દેવો વિસ્મય પામીને વિચારવા લાગ્યા કે, 'આપણે આવી અવસ્થા કયારે પામીશું ?' દેવોએ ઇશ્વર પાસે જઇને કહ્યું કે આ મહાત્માને વરદાન આપવું જોઇએ. ઇશ્વરે કહ્યુંઃ 'ભલે, તેને શું જોઇએ છે તે પૂછો.' આથી દેવોએ મહાત્માને પૂછ્યુંઃ 'તમારા સ્પર્શથી રોગાએના રોગ મટી જાય એવી સિધ્ધિ જોઇએ છે ?' મહાત્માનો જવાબઃ 'ના એ કામ ઇશ્વરનું છે.'

'તો પછી પાપીઓનો ઉધ્ધાર કરવાનું અને કમાર્ગે જનારને સન્માર્ગે ચડાવવાની સિધ્ધિની જરૂર છે' દેવોનો પ્રશ્ન. મહાત્માએ કહ્યુંઃ 'ના, ના. હું લોકોને આકર્ષી લઉં તો લોકો ઇશ્વરથી વિમુખ થઇ જાય'

દેવોએ પૂછ્યુંઃ 'વારું, તમારે શાની જરૂર છે ?' કશું જ નહીં ઇશ્વરની કૃપા મારા પર રહેવા દો.' મહાત્માનો ઉત્તર. દેવોએ ભારપૂર્વક કહ્યુઃ 'અમારો ફેરો નિષ્ફળ ન જાય એ માટે અમે વગર માગ્યે પરાણે તમને કાંઇક આપીશું. 'મહાત્માએ કહયુંઃ 'ભલે, હું માગું છું. કે, મને ખબર ન પડે એ રીતે મારા હાથથી સુકૃત્યો થાય.' દેવો કહ્યુંઃ 'તથાસ્તુ' આ મહાત્માની અનાસક્તિ એ જ સૌથી મોટો સદ્ગુણ છે. કોની સાથે રહેવું અને કોની સાથે ન રહેવું એ માણસના મનની વાત છે. પણ સામાન્ય રીતે લોકો દુઃખમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી બને છે પરંતુ સુખની બાબતમાં માણસ આત્મકેન્દ્રી બને છે. સ્વાર્થી બને છે અને માત્ર ને માત્ર પોતાનો જ વિચાર કરે છે તેથી તેના જીવનમાં ભોગેષણા વધુ હોય છે અને ત્યાગની ભાવના અલ્પ. આજના જમાનામાં માણસનું આખું મન અને જીવન બદલાઇ ગયું છે. તેના જીવનમાં અંગત સુખની એષણા વધારે છે. આવી મનોવૃત્તિમાં માણસ બીજાની પરવા કરતો નથી. સગાં-વહાલાંને પણ ત્યજી દે છે. આ છે આજના જીવનની તાસીર અને તસ્વીર. સુખો માણસના દિલ-દિમાગને સીમિત-સાંકડું બનાવે છે. એ જ આજના જીવનની કરૂણતા છે.''

શ્રદ્ધાંજલિ

-: માતૃદેવો ભવ :-

જન્મ :
૧-૮-૧૯૩૧

અરિહંતશરણ :
૨૯-૬-૨૦૧૧

માતુશ્રી મંજુલાબેન નગીનદાસ મહેતા

થાણા દેવડી (અમર નગર) હાલ : ઘાટકોપર / બોરીવલી

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, અંજલિ આપતા હેયું તૂટે છે,
શ્રધ્ધાંજલી આપતા શબ્દો ખૂટે છે......
પરિવાર આખામાં આપનું જીવન એક સુશ્રાવિકા તરીકે આપની ધાર્મિક દિનચર્યા અને અગણિત તપશ્ચર્યા....
જે અમને હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરે છે.
ક્યારેક કહેવાયેલા તમારા સત્સંગના ભણકારા સંભળાયા કરે છે
અને યાદોમાં તમારા દર્શન થયાં જ કરે છે.
પ્રભુ તમારા દિવંગત આત્માને પરમશાંતિ અર્પે એવી પ્રાર્થના......

પુત્ર - પુત્રવધૂ : સ્વ. રમેશચંદ્ર - મધુબેન
પૌત્ર-પૌત્રવધૂ : સૌરભ-જીનાલી / અંકિત-કોમલ
પૌત્રી-જમાઈ : બિજલ-જીગર
દીકરી-જમાઈ : ઉર્મિલાબેન-હસમુખભાઈ
દોહિત્ર-દોહિત્રવધૂ : ભાવિન-કેજલ,
નિરવ-ચૈતાલી, ધવલ-કીપ્સુ

પુત્ર- પુત્રવધૂ : મયુર-કીર્તિબેન
પૌત્ર-પૌત્રવધૂ : મહેક-પ્રગતિ / રોનક-અદિતિ
પ્રપૌત્ર/પ્રપૌત્રી : રિશાન, મનય, સમય, પરી, ધન્વી
દીકરી-જમાઈ : તુલાબેન-કમલેશભાઈ
દોહિત્રી-જમાઈ : ભૂમિ-નિરવ

શ્રી જમનાદાસ કાનજીભાઈ સંઘવી (જૂનાગઢ) પરિવાર, સ્નેહીજનો તથા સમસ્ત પરિવાર

કીર્તિ ડિયામ (જ્વેલર્સ)
૭/૮/૯, શંકર નગર, વલ્લભબાગ લેન, તિલક રોડ કોર્નર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.
ફોન : ૦૨૨ ૨૧૦૨ ૭૦૮૩ / ૨૧૦૨ ૫૯૨૪
મયુર મહેતા : ૯૮૨૦૦૫૬૨૨૬

Kayami-June

સ્મરણાંજલી

જન્મ :
૧૮-૦૨-૧૯૭૨

અરિહંત શરણ :
૦૪-૦૬-૨૦૨૩

સ્વ. સોનલ નિલેશ કોરડીયા

મુળવતન : જુનાગઢ - ખારચીયા (વાંકુના)
હાલ : મુંબઈ, બોરીવલી (વેસ્ટ),

ધર્મ કદી ચુક્યા નહીં, વ્યવહાર કદી ભૂલ્યા નહીં, જીંદગી હતી ટુંકી અને માયા મોટી લગાડી ગયા,
કોઈના સુખે સુખી અને કોઈના દુ:ખે દુ:ખી, સુખને છલકાવ્યુ નહીં, દુ:ખને દેખાડયું નહીં,
જીવન તમે એવું જીવ્યા,ભૂલ્યુ ભુલાય નહીં,
અણધાર્યા છોડી ગયા જીવન છતા જીવિત હોવાનો ભાસ છે,
દર્શન નથી તમારા દેહના પણ હ્રદયમાં તમારો વાસ છે,
દ્રષ્ટિ માં હજુએ રમે છે તમારો હસ્તો ચહેરો, જોઈને તસ્વીર તમારી આંસુ ઉભરાય છે,
આપનો મિલનસાર અને પરોપકારી સ્વભાવ, ઉદારતા, કાર્યકુશળતા, કુટુંબ પ્રેમ સદા અમારા હ્રદયમાં રહેશે.
છાના ખૂણે રડી લઈશું જ્યારે આવશે યાદ.
ક્યારેય કલ્પી ન શકાય તેવી તમારી ઓચિંતી વિદાય.

પરમાત્મા આપના પ્રેમાળ આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

પ્રેમાળ પરિવાર

સ્વ.જસુમતીબેન ઝવેરીલાલ વિઠલજી કોરડીયા

પતિ : નિલેશ ઝવેરીલાલ કોરડીયા | પુત્ર : તારણ નિલેશ કોરડીયા

યોગેશ - મીના	કમલેશ - પૂજા	પ્રીતી - નિતીન
અભય	કૃણાલ, કેલી	આશ્વી, કેવિન

-------: પિયર પરિવાર - લલિતાબેન જેઠાલાલ શાહ પરિવાર (પાટણ) : --------

Address. : A-1304, Rite Galaxy (Sai Darshan) Sodawala Lane,
Borivali (West), Mumbai-400092
Mob. : 98213 66680

Contract-05/BW-03/JUNE

અજ્ઞાનતાનો અંધકાર
મશાલનાં રૂપમાં પ્રજવલિત જોવા મળે છે !

- આરતી રામાણી 'એન્જલ'

જેમ અજ્ઞાનતા માણસને અંધકાર તરફ લઇ જાય છે તેમ જ્ઞાન જીવનને અજવાશથી ભરી દે છે. જે વ્યક્તિ જ્ઞાની છે તે સદા પોતાનાં ઉત્કર્ષના પંથ તરફ આગળ વધતી રહે છે અને એની પ્રગતિને ખુદ ઇશ્વર પણ નથી રોકી શકતા, પરંતુ આ જ્ઞાન મેળવવું કયાંથી?

પહેલાના સમયમાં જ્ઞાન મેળવવા માટે ખૂબ તપ કરવું પડતું. ગુરુઓની કેટલીય આકરી કસોટીઓમાંથી શિષ્યને ખરું ઉતરવું પડતું ત્યારે ગુરુ એને પોતાના શિષ્ય તરીકે સ્વીકારતા અને જીવનનું, સૃષ્ટિનું સાચું જ્ઞાન પ્રદાન કરતા જેને અર્જિત થતાં શિષ્ય વિદ્વાન બની જતો, પરંતુ આજના સમયમાં શિષ્ય બનવા ફક્ત એક જ કસોટીમાંથી પસાર થવાનું રહે છે અને એ કસોટી એટલે ફી! જેવી મોટી અને વિખ્યાત શાળા એટલી મોટી ફી અર્થાત્ આપણી પાસે જેટલા પૈસા હોય એટલું વધારે જ્ઞાન મળે! એક રીતે કહીએ તો આ જ્ઞાન હવે શાકભાજીની માફક વેચાવા લાગ્યું છે અને એટલે જ કદાચ આપણને આ જ્ઞાનનાં ખરાં મૂલ્યની ખબર જ નથી પડતી, કારણ પૈસા દઇને આપણે છૂટાં પછી જે કરવું હોય તે ગુરુ કરે! આપણે આ હકીકતથી બહાર નીકળી શકીએ તેમ પણ નથી, કારણ કે હવે જ્ઞાન મેળવવાનો આ એક જ રસ્તો બચ્યો છે, પરંતુ આપણે ધારીએ તો આ યુગમાં પણ સાચું જ્ઞાન મેળવી શકીએ છીએ, પણ કઇ રીતે ? પુસ્તકો દ્વારા. દુનિયામાં અસંખ્ય એવાં પુસ્તકો છે જેને વાંચવાથી, એનું મનન કરવાથી, એનું રટણ કરવાથી જ્ઞાનનો ઊર્જા સ્રોત આપણે આપણી ભીતર વહાવી શકીએ છીએ. જીવનનો સાચો પાઠ પણ ભણી શકીએ છીએ, કારણ યુનિવર્સિટી દ્વારા મળતી ઉપાધિથી ફક્ત નોકરી મળે છે જયારે આ જ્ઞાનના સ્રોત દ્વારા જીવનનો સાચો માર્ગ મળે છે, પરંતુ ખૂબ દુઃખની વાત છે આપણે આપણી રીતે જ આ જ્ઞાનના સ્રોતથી દૂર થતા જઇએ છીએ!

'જયારે દુનિયામાં પુસ્તકો રસ્તા પર અને જૂતા શોરૂમમાં દેખાવા લાગે ત્યારે સમજી જવું કે હવે દુનિયાને જ્ઞાનની નહીં, જોડાની જરૂર છે.' કોઇ અજ્ઞાત દ્વારા લખાયેલું આ વાક્ય ખરેખર, ખૂબ ગહનતા ધરાવે છે. જયારથી આપણે પુસ્તકોથી દૂર થતાં ગયા ત્યારથી તેનું મૂલ્ય ખૂબ ઘટતું ગયું છે. જે જ્ઞાન ખૂબ અમૂલ્ય છે તેનો સ્રોત હવે કોડીના દામથી વેચાય છે અને એ પણ રસ્તા પર જયારે જેને પગની શોભા બનાવવાનું હોય છે તેનાં હવે જયાં જોઇએ ત્યાં મોટા મોટા શોરૂમ થતાં જાય છે! આ પરથી તો આપણે એવું સિદ્ધ કરતાં જઇએ છીએ કે હવે આપણને જ્ઞાનની કોઇ જરૂરત નથી અબલત્ત, જરૂરત છે જોડાની! આમ પણ કહેવાય છે ને 'લાતો કે ભૂત બાતો સે નહીં માનતે' એમ જ થવાનું. આપણે જ્ઞાનથી દૂર થતાં જઇશું તો આપણો જીવનનો ઊર્જા સ્રોત આપણાથી આપમેળે જ દૂર થઇ જવાનો પછી આપણે આપણો વિકાસનો રસ્તો આપણી સામે હોવા છતાં નહીં પારખી શકીએ અને વિધ્વસંનો રસ્તો પસંદ કરી, તે તરફ પ્રયાણ કરીશું જેનો સીધો છેડો દુર્ગતિને જઇને અડે છે! આપણે કેમ નથી સમજી શકતાં કે આપણને જ્ઞાનની કેટલી જરૂરત છે ? આપણે પાસે હર એક પ્રસંગને અનુરૂપ જોડા હશે; વેસ્ટર્ન પર વેસ્ટર્ન, પારંપરિક માટે પારંપરિક, કેઝુઅલ માટે કેઝુઅલ, પાર્ટી માટે એને અનુરૂપ, શોટર્સ માટે એને અનુરૂપ એટલે જ તો જૂતા પણ હવે અવનવી ડિઝાઇનવાળા બનવા લાગ્યા છે. આપણે પગ તરફ જોઇશું કે પગ કેવા લાગે છે, તે આપણાં પોશાકને અનુરૂપ છે કે નહીં, પણ કદી આપણે ભીતરથી કેવાં લાગીએ છીએ એ જોયું છે ખરાં ? જ્ઞાન વગરનો ઘડો હંમેશા ખાલી કેવો લાગે એવાં આપણે ભીતરથી બની ગયાં છીએ છતાં હજુ આપણે આ જ્ઞાનનું મહત્વ નથી સમજી શકતાં અને એટલે જ કદાચ અત્યારે બધે અજ્ઞાનતાનો અંધકાર મશાલનાં રૂપમાં પ્રજવલિત જોવા મળે છે !

અહીં જોડાં અને જ્ઞાનની કદી કોઇ સરખામણી થઇ જ ના શકે, પરંતુ, હાં, વિરોધાભાસ જરૂર સર્જાય છે. જેનું સ્થાન ટોચ પર હોવું જોઇએ તે હવે રસ્તે રઝળતાં જોવા મળે છે અને જેનું સ્થાન સૌથી તળિયે હોવું જોઇએ તે હવે ટોચ પર રાજ કરી રહ્યું છે અને એટલે જ એ અજ્ઞાતે તે વાક્ય લખેલું કે 'હવે માણસને જ્ઞાનની નહીં, જોડાની જરૂર છે', કારણ કે જ્ઞાન આપણી શાન ઠેકાણે ના લાવી શક્યું, પણ જોડાં જરૂર લાવશે.

છે જ્ઞાનનું મૂલ્ય કેટલું એ તો હવે ફક્ત આ પુસ્તકો જ જાણે છે !
રસ્તા થઇ ગયા ખૂબ વિખ્યાત કારણ એ જ હવે જ્ઞાન માણે છે.
જ્ઞાન નથી લાવી શક્યું જયારે આપણી શાન સહેજે ઠેકાણે ત્યારે,
જોડા ખાવાં રહેવું તૈયાર કારણ એ હવે આપણને નાણે છે.

પ્રાગજીબાપા ફેમિલી ટ્રસ્ટ (Proposed)
સાવડીયા કુટુંબની વંશાવલી

કુટુંબના વડીલનું નામઃ ______________________

અભ્યાસ ______________________ ઉમર ________

કુટુંબના અન્ય સભ્યોનું નામઃ ______________________

____

____

____

હાલનું રહેઠાણ સરનામુંઃ ______________________

____

____

મૂળ વતનઃ ______________________

વ્યવસાય / નોકરી વિશેની માહિતીઃ ______________________

____

વંશાવલી (વડલો / સ્થાનક) બનાવવામાં ઉપયોગી થવાની મરજીઃ હા / ના ______________________

અન્ય ઉપયોગી વિગતની જાણકારીઃ ______________________

ગૌત્ર / બાપા (કુળ દેવતા)ઃ ______________________

માહિતી આપનાર વ્યક્તિનું નામઃ ______________________

માહિતી આપનાર વ્યકિતની સહી -______________________

Sender:
Shri Maheshbhai Mathuradas Savadia.
1601/02, Sanaya Elysium, D.G. Das Marg, Opp. Ambe Krupa, B/H. Devidayal Road, Mulund (West), Mumbai - 400 080.Maharashtra. Mo.: 9820808644

શ્રધ્ધાંજલી

પૂજ્ય પિતાશ્રી મનસુખલાલ મુલજીભાઈ પારેખ

અરિહંતશરણ : તા. ૧૬-૦૬-૧૯૮૭

પુરુષાર્થ કરીને શૂન્યમાંથી સર્જન કર્યું, કષ્ટ સહન કરીને પરિવાર માટે ફૂલો પાથરી ગયા,
સુખમાં છલકાયાં નહીં, દુ:ખથી ડર્યા નહીં, વ્યવહાર અને ધર્મ કદી ચૂક્યાં નહીં,
રડી પડે છે આંખો અમારી, જોઈને તસ્વીર તમારી...
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ,પરિશ્રમ જેનું કર્તવ્ય હતું.
અંજલિ આપતા હૈયું તૂટે છે. શ્રદ્ધાંજલી આપતા શબ્દો ખૂટે છે.
કલ્પી ન શકાય તેવી અણધારી તમારી વિદાય અમારા સૌનાં કાળજા કંપાવી ગયા,
દિલ હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.
પરમાત્મા દિવ્ય આત્માને આશીર્વાદ આપે, એ જ ભાવનાત્મક શ્રધ્ધાંજલી

પુત્ર-પુત્રવધુ : દિલીપ - શ્વેતા, રોહિત - લીના
દિકરી-જમાઈ : નીલમબેન - અશોકકુમાર ભણશાલી, હર્ષાબેન - સમીરકુમાર ઓધવાણી
પૌત્ર-પૌત્રવધુ : સાગર-આયશા(ચંચલ), ઉત્સવ - માહી (માધવી)
પૌત્રી-જમાઈ : ખુશ્બુ - કૃણાલ, નિધિ - ગૌરવ
પ્રપૌત્ર : શ્રેય
દોહિત્ર : હર્ષ, કિંજલ, જીલ
દોહિત્ર વધુ : ધ્રુવી
દોહિત્ર જમાઈ : કરણકુમાર લેખરાજાની, પારસકુમાર વસા
દોહિત્ર પુત્રી : પ્રાંસી, નાયરા
ભાઈઓ : સ્વ.શ્રી દલીચંદભાઈ, સ્વ.શ્રી તારાચંદભાઈ, સ્વ.શ્રી રતિલાલભાઈ
સ્વસુર પક્ષ : સ્વ.શ્રી તારાચંદભાઈ ત્રિભોવનદાસ દોશી (રાણપુર - ભેસાણ)

લી. : માતુશ્રી ચંદનબેન મનસુખલાલ મુલજીભાઈ પારેખ પરિવાર

(વડાલ / આકોલા / દિલ્હી)

Kayami-June

શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ - મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪ જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃન્દાવન પ્રીમાઈસીસ કો.ઓ.સોસાયટી લી., રૂમ નં.૪૩, ૩જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૨. ફોન : ૨૨૪૦૦૨૪૦

રાહત દરે અનાજ વિતરણ યોજના

જૂન માસના અનાજ વિતરણના

કાયમી દાતા પરિવાર

શ્રીમતી પ્રભાકુંવર
મણીલાલ વસા
પરિવારના સૌજન્યથી

શેઠ શ્રી મણીલાલ પાનાચંદ વસા

શ્રીમતી પ્રભાકુંવર મણીલાલ વસા

શેઠ શ્રી નંદલાલ
ઝવેરચંદ વોરા
પરિવારના સૌજન્યથી

શેઠ શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા

શ્રીમતી અચરતબેન નંદલાલ વોરા

જુલાઈ માસના અનાજ વિતરણના

કાયમી દાતા પરિવાર

શેઠ શ્રી માણેકલાલ
ઝવેરચંદ વસા
પરિવારના સૌજન્યથી

શેઠ શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા

શ્રીમતી નર્મદાબેન માણેકલાલ વસા

વાત એક માણસની

"વિકલાંગ"

બસ ખીચોખીચ ભરાયેલી હતી. લાંબા અંતરની સફર હોવા છતાં પાંચ-છ મુસાફરો ઊભા ઊભા પણ મુસાફરી કરવાનું નક્કી બસમાં ચડ્યા હતા.

નિયત સમયે બસ ઉપડી.

કંડકટરે ટીકીટો આપવાનું શરૂ કર્યું. કંડકટર ટીકીટ આપતો હતો ત્યારે ઉભેલા ૫-૬ મુસાફરોને કાન ટીકીટ લેનાર પ્રવાસી તરફ ખેંચાયેલા રહેતા. રખેને કોઇ પ્રવાસી પછીના સ્ટોપની ટીકીટ લે તો એની સીટ આગળ જઇને ઊભા રહેવાય. એ ઊભો થાય ત્યારે ઝડપથી એની સીટ પર બેસી જવાય.

વીસેક મીનીટ પછી એક સ્ટોપ આવ્યું. કોઇ મુસાફર ઊતર્યું નહિ, પણ એક અપંગ વ્યક્તિ બગલઘોડીના સહારે બસમાં ચડી.

'કયાં જવું છે?' કંડકટરે એને પૂછ્યું.

'ગાંધીગ્રામ' કહી એણે ખીસ્સામાંથી દસ રૂપિયાની નોટ કાઢી કંડકટર સામે ધરી. કંડકટરે એની સીટ પર બેઠા બેઠા જ ટીકીટ પંચ કરી ટીકીટ અને સિક્કાઓ આપ્યા. હડદોલા લેતી બસમાં જેમ તેમ કરી સમતુલા જાળવી એ અપંગ વ્યક્તિએ પોતાના પેંટના પાછલા ખિસ્સામાંથી પાકીટ કાઢી એમાં ટીકીટ અને પૈસા મૂક્યા.

ટીકીટ અને પૈસા ખિસ્સામાં મૂકયા પછી અપંગ વ્યક્તિએ ચારેબાજુ નજર દોડાવી કે કયાંય બેસવાની જગા છે ખરી! પણ બસ ચિક્કાર હતી. એની નજર બસના પ્રવેશદ્વારની સામેની સીટ પર મંડાઇ. ત્રણ સીટની એ બેઠકમાં ઉપલા ભાગ પર લખ્યું હતું આ ત્રણ સીટ વિકલાંગો માટે ખાલી કરવી.

એ ત્રણ સીટની બેઠક પર બારી પાસે એક યુવતી બેઠી હતી. એ યુવતી જયારે બસમાં ચડી ત્યારથી જ થોડા પ્રવાસીઓની આંખ એના પર ખેંચાયેલી હતી. સૌ કોઇ પુરૂષ પ્રવાસી મનમાં ઇચ્છતું હતું કે એ યુવતી એની બાજુ ખાલી રહેલી સીટમાં બેસે પણ યુવતી ખાલી સીટો પર નજર દોડાવી પેલી ત્રણ સીટવાળી બેઠકમાં બારી પાસે જગા લઇ, પર્સમાંથી કોઇ મેગેઝીન કાઢી વાંચવામાં પરોવાઇ. એ પછી બસમાં ચડનાર તમામ પ્રવાસીઓ એની પાસે બેસવા ઇચ્છાતા હોવા છતાંયે, બેસી ન શકયા. રખેને અન્ય પ્રવાસીઓની આંખમાં એ 'બેશરમ' બની જાય. જયારે બસની તમામ સીટો ભરાઇ ગઇ ત્યારે યુવતીની બાજુની જ બે સીટો ખાલી હતી. એ પછી ચડનાર એક યુવક આ ખાલી રહેલી બે બેઠકમાંની એક સીટ પર બેસી ગયો. જો કે એ યુવતીની બાજુમાં ન બેઠો. વચ્ચેની સીટને ખાલી રહેવા દઇ એ ખૂણા પર બેઠો. તમામ પુરૂષ પ્રવાસીઓની આંખમાં એ 'ધન્ય' બની ગયો. ઇર્ષાને પાત્ર બની ગયો. આવી સરસ ગોરી, લાવણ્યમયી, સુંદર, ખુશ્બોદાર વસ્રો પરિધાન કરેલી એ યુવતીની સીટ પર એને બેસવા તો મળ્યું. નસીબદાર.

પણ એ ખરેખર નસીબદાર તો ત્યારે જ ગણાયો કે જયારે એક આધેડ વયનો, ધોતિયું, ઝભ્ભો ને માથે કાળી ટોપી પહેરેલો, વેપારી જેવો લાગતો માણસ જયારે આ ખાલી જગા પર બેસવા આવ્યો કે હળવેક રહીને યુવકે યુવતીની બાજુમાં સરી જઇ એ વેપારીને ખૂણાની જગ્યા કરી આપી.

બસમાં જયારે આ અપંગ વ્યક્તિ ચડી ત્યારે માત્ર વિકલાંગો માટેની આ બેઠકો પર ત્રણ પ્રવાસીઓ બેઠા હતા. એક પેલી યુવતી કે જેનું સમગ્ર ધ્યાન મેગેઝીનમાંની કોઇ વાર્તા વાંચવામાં પરોવાયું હતું. બીજો પેલો યુવક કે જે એક વિકલાંગ માટે એવો સુવાળો સહચાર છોડવા તૈયાર ન હતો અને ત્રીજો પેલો આધેડવયનો પુરૂષ કે જે પોતાનું લાંબા અંતરનું બેસવાનું સુખ જતું કરી ઊભો રહેવા તૈયાર નહોતો. એટલે આંખ ઉપર ટોપી સરકાવી સૂવાનો ઢોંગ કરી રહ્યો હતો.

પેલી અપંગ વ્યક્તિ જેમ તેમ પોતાના શરીરની સમતુલા જાળવી પૂરપાટ વેગે જઇ રહેલી બસમાં ઊભી રહી હતી. વિકલાંગો માટેની પેલી ત્રણ સીટમાંથી કોઇ એક પ્રવાસીને ઉઠાડી કંડકટર પેલા વિકલાંગને માટે જગા ખાલી કરાવી શકતો હતો પણ એમ કરવાને બદલે એ છાપામાં માંથું પરોવી સમાચાર વાંચતો રહ્યો.

અચાનક યુવતીનું ધ્યાન વિકલાંગ પર પડયું. એણે આજુબાજુના પ્રવાસીઓ પર નજર ફેરવી. પણ કોઇ પોતાની સીટ પેલી અપંગ વ્યક્તિ માટે ખાલી કરવા રાજી નહોતું.

યુવતીએ પોતાની બાજુમાં બેઠેલા યુવક સામે જોયું. યુવક આવી જ કોઇ તકની રાહ જોતો હતો. એ યુવતી સામે હસ્યો અને પછી પૂછયુંઃ 'કયું મેગેઝીન છે ?'

યુવતીએ કશો જવાબ ન આપ્યો. એણે મેગેઝીનને પર્સમાં મૂકી, પેલા અપંગનું ધ્યાન ખેંચવા સિસકારો કર્યો. અન્ય પ્રવાસીઓ અને પેલા અપંગનું ધ્યાન યુવતી તરફ ખેંચાયું. યુવતીએ કહ્યું. 'ભાઈ અહી આવીને બેસો. આ સીટ તમારે માટે જ છે.'

'ના બહેન, અડધા-પોણા કલાકમાં તો ગાંધીગ્રામ આવી જશે. તમે બેસો. હું તો આવી રીતે મુસાફરી કરવા ટેવાયેલો છું.'

ભલે ટેવાયેલા હો, પણ તમારા જેવી વ્યક્તિઓનું દુઃખ હળવું કરવા માટે સરકારે આ ખાસ સવલત કરી આપી છે તો શા માટે પરાણે દુઃખ વેઠવું ? આવો, અહીં બેસો કહી યુવતી સીટ પરથી ઊભી થઇ ગઇ એ અપંગને ટેકો આપી એને બેસવા મદદ કરી.

યુવતી સાડીનો છેડો સરખો ગોઠવી, બસનો સળિયો પકડી ઊભી રહી.

એ જયાં ઊભી હતી ત્યાં બે-ત્રણ પ્રવાસીઓએ કહ્યું પણ ખરૂં કે 'આવો, અહીં મારી સીટ પર બેસો હું ઊભો રહીશ', પણ પેલી યુવતીએ વિનંતીપૂર્વક ના પાડી.

ગાંધીગ્રામ આવ્યું ત્યાં સુધીમાં બસના પ્રવાસીઓને ઊભા ઊભા પ્રવાસ કરતી આ યુવતીની અંગભંગીઓનું દર્શન કરવાનો લ્હાવો મળ્યા કર્યો.

ગાંધી ગ્રામ આવ્યું.

બસ અહીં દસ બાર મીનીટ થોભવાની હતી. એટલે ઘણા ખરા પ્રવાસીઓ પોતાની સીટ પર રૂમાલ, છાપું કે હેંડબેગ જેવી ચીજવસ્તુ રાખી નીચે ઊતર્યા. પેલો અપંગ બગલઘોડીના ટેકે ધીમે ધીમે નીચે ઊતર્યો. ઊતરતા પહેલા એણે પેલી યુવતીને વિવેક કયોઃ

'બહેન, હવે તમે તમારી જગા પર બેસી જાઓ. મારે તો અહીં ઊતરી જવાનું છે.'

'થેંક્યૂ, પણ મારેય અહીં ઊતરવાનું છે' કહી એણે પેલા અપંગને બસમાંથી ઉતરવાની મદદ કરી.

પેલા આભારવશ અપંગે નીતે ઊતરીને યુવતીને કહ્યુંઃ

'આભાર બહેન તમારો, કે તમે મને જગા આપી. બાકી વિકલાંગો માટે અલગ રાખેલી સીટ પર એક વખત બેઠા પછી મારા જેવાને જોઇને પણ કોઇ સીટ ખાલી કરી આપે છે ? એક તમે નીકળ્યા કે જેણે મારા જેવા વિકલાંગને સીટ ખાલી કરી આપી.'

'ભાઈ, ખરું પૂછો તો તમે વિકલાંગ નથી, પણ આ પ્રવાસીઓ વિકલાંગ છેઃ શારીરિક રીતે નહિ તો માનસિક રીતે - નહિતર તમારા જેવી વ્યક્તિ માટે તો કોઇ પણ પ્રવાસીએ સીટ ખાલી કરાવી આપવી જોઇતી હતી.' કહી, બસમાંથી ઊતરી રહેલા પ્રવાસીઓ સામે એક નજર ફેંકી, એ પોતાનું પર્સ ઝૂલાવતી ચાલતી થઇ.

અમૃત વાણી

જયેન્દ્રકુમાર હેમતલાલ મહેતા
(જામકંડોરણા)

- ગાય ઘાસ ખાય છતાં તેમાંથી દુધ બનાવે, સાપ દુધ પીએ છતાં તેમાંથી ઝેર બનાવે. આ સજ્જન અને દુર્જનનો તફાવત છે.
- ચોખાના દાણા કંકુમાં ભળે તો કેટલાય રાજા-મહારાજા ઓની નમાવી દે પણ એજ દાણા મગની સાથે ભળે તો પોતાના રૂપરંગ તમામને ખોઇ બેસે અને લોકો તેને ખિચડી કહી વગોવે.
- કોલસાનો વેપારી કયારેય ઝવેરાતના ધંધા અંગે અભિપ્રાય આપતો નથી.
- જવાબદારી ભર્યા સ્થાને બેઠેલાની 'ચાલશે' ની મનોવૃત્તિ ભુખ્યા સિંહના પાંજરામાં પ્રવેશ કરવા જેવી પુરવાર થાય છે.
- મા પાસેથી સંસ્કાર નથી શિખવા તો બિલાડીના અવતાર માં માં એવી મળશે કે ઉંદર કેવી રીતે મારવા તે શિખવશે.

-૦-૦-૦-૦-

અવસાન નોંધ :

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ

■ તોરી (ગોંડલ) નિવાસ, હાલ-મુંબઈ, સ્વ.છગનલાલ ભીમજી મહેતાના પુત્ર શ્રી કાકુલાલભાઈ (ઉ.વ.૯૯) તે સ્વ.લવંગિકાબેનના પતિ, તે સમીર અને સ્વ.માલાબેનના પિતાશ્રી, તે જાગૃતિબેન તથા દીપકભાઈ વારિયાના સસરા, તે હર્ષ અને મુસ્કાન, તોરલ, હેતલ, ચાંદનીના દાદા-નાના, તે સ્વ.મગનલાલ સોભાગચંદ શાહના જમાઇ તેમજ સ્વ.રસીકભાઈ મહેતા સ્વ.તારાબેન ન્યાલચંદ મહેતા તથા સ્વ.કંચનબેન નાગજીભાઈ શાહના ભાઈ તા.૨૪-૦૫-૨૦૨૫ શનીવાર સવારે અરિહંતશરણ પામેલ છે.

■ કોલકી નિવાસી હાલ, કાંદિવલી કૌશિકભાઈ શાતિલાલ ગાંધી તે શારદાબેનના પતિ, કેતન તથા ફોરમના પિતા, મિતેષના સસરા, આર્યાના નાના તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે.

■ મજેવડી નિવાસી હાલ મીરારોડ, મનસુખલાલ ધરમશી મહેતાના સુપુત્ર અનિલભાઈ (ઉ.વ.૭૫), સોમવાર તા.૯-૬-૨૦૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ.નીનાબેન ના પતિ, નિખીલના પિતાશ્રી, ચાર્મીના સસરા. સ્વ.છબીલભાઈ, સ્વ.રમણીકભાઈ, સ્વ.ચંપકભાઈ, સ્વ. પ્રમાદભાઈ, સ્વ.વસંતબેન, સ્વ.સવિતાબેન, સ્વ.નિમર્ળાબેન, સ્વ.નીલાબેન, સ્વ.સુશીલાબેન, સ્વ.જયાબેન, સ્વ.રમાબેન, સ્વ.પ્રમિલાબેન, સ્વ.કુસુમબેન, સ્વ.હષવીણાબેન ના ભાઈ.

સમસ્યા વિષે નહિ, તેના સમાધાન વિષે વિચારીએ...

- લેખનઃ પારૂલ ભરતકુમાર ગાંધી (રાજકોટ)

એક ભણેલો-ગણેલો માનવી ફેકટરીમાં સારા હોદ્દા પર નોકરી કરતો હતો. ફેકટરીના જુદા જુદા કાર્યો માટે તેને ઘણીવાર બહારગામ જવુ પડતું હતું. આથી જયારે પણ તે બહારગામ જાય પુલ પર થઇ, નદી પસાર કરીને જવું પડતું. એકવાર આ ભાઈ ગાડી લઇને બીજે ગામ જવા નીકળ્યા. પુલ પાર કરતી વખતે ગાડી વચ્ચે જ બંધ થઇ ગઇ. નીચે ઉતરીને જોયું તો ખ્યાલ આવ્યો કે એક ટાયરમાં પંચર છે. તેની પાસે બીજું ટાયર હતું (સ્પેર વ્હીલ) તેથી તેણે વિચાર્યું કે ટાયર બદલાવી નાખું પછી વાંધો નહિ. તેણે સાધનો કાઢયા અને વ્હીલ ખોલ્યું. વ્હીલના બોલ્ટ એકબાજુ ભેગા કરીને રાખ્યા. પૈડું જયાં તે ચડાવવા જતો હતો ત્યાં પૈડુ લપસ્યું અને પેલા બોલ્ટ પર પડતા બધા જ બોલ્ટ નદીમાં પડી ગયા. તેની પાસે ટાયર હતું પણ તે ચડાવવું કેવી રીતે? બોલ્ટ તો ગયા પાણીમાં! દૂર સુધી કોઇ દેખાતું નહોતું. તેને ચિંતા થવા લાગી કે ઘેર કેમ પહોંચીશ!



થોડીવાર પછી એક અભણ દેખાતો ખેડૂત ત્યાંથી પસાર થયો. પેલા ભાઈએ ખેડૂતને પૂછ્યું કે આટલામાં કોઇ મિકેનીક મળશે? ખેડૂતે જવાબ આપ્યો ૧૦ કિ.મી. દૂર મિકેનીક પણ મળશે અને નટ-બોલ્ટ પણ. તે પહેલા ખેડૂતને કહેવા લાગ્યો કે વ્હીલ વગર ૧૦ કિ.મી. જવું કેમ? ખેડૂત કહે કે ઉપાય છે. પેલો મનમાં વિચારવા લાગ્યો કે આ અભણ, ગમાર ખેડૂત શું ઉપાય બતાવવાનો. ત્યાં ફરી ખેડૂત બોલ્યો - 'ભાઈ, એક ઉપાય છે. ત્રણ પૈડા જે બાકી છે તેના એક એક નટ ખોલી સ્પેરવ્હીલમાં લગાવી દો. ત્રણ ત્રણ નટ-બોલ્ટ હશે તો પણ ગાડી ધીરે ધીરે ૧૦ કિ.મી. પહોંચી જશે.' પેલો માનવી તો આશ્ચર્યચકિત થઇ ગયો. પેલો ખેડૂત હસવા લાગ્યો અને કહ્યું, 'તમે માત્ર સમસ્યા વિષે વિચાર્યું અને મેં સમસ્યાના સમાધાન વિષે વિચાર્યું.'

આ નાની એવી કથા અભણને મહત્વનો સંદેશો દઇ જાય છે કે ગમે ત્યારે, ગમે તેવી સમસ્યાનું સમાધાન કઇ રીતે થશે તે વિચારવું. એમ કરવાથી જ સમસ્યાથી નિરાશ તો નહિ થવાય પરંતુ તેનું સમાધાન પણ અવશ્ય મળશે જ. ઘણી વખત આપણે જોઇએ છીએ કે સમસ્યા સાવ સામાન્ય હોય, પ્રશ્ન સાવ નાનો હોય પણ માણસ તેને એટલો મોટો બનાવી દે છે કે તેમાં વધારે ગુંચવણ પેદા થઇ જાય છે. આમાં ભણતર કરતાં ગણતરની વધારે જરૂર છે. સામાન્ય રીતે જોઇએ તો ઘણી વખત જે કામ મોટા મોટા એન્જિનીયરો નથી કરી શકતા તે નાનો મજૂર કરી જાય છે. વર્તમાન સમય એવો છે કે પુસ્તકોના થોથા ઉપાડીને બાળક થાકી જાય, ભણી-ભણીને, ગોખી-ગોખીનો કંટાળી જાય પરંતુ ભણતરના અંતે તેનામાં જે કોઠાસૂઝ પેદા થવી જોઇએ તે નથી થતી.

પહેલાના સમયમાં ભણતર થોડું હતું પરંતુ તેમાથી ઘણી સમસ્યાઓનું સમાધાન થતું હતું. અત્યારે લાખો રૂપિયા ભણતરમાં ખર્ચાયા છતા સમસ્યાઓ ઠેરની ઠેર રહે છે. અનુભવ પણ માણસને ઘણું શીખવે છે. જે માણસની પાસે અનુભવનું જ્ઞાન હોય તે ક્યાંયથી પાછો પડતો નથી. આથી જ કેળવણીકારોએ શિક્ષણમાં એવા પરિવર્તન લાવવા જરૂરી છે કે જે માણસને સાચી દિશા બતાવે. બદામ ખાવાથી અક્કલ નથી આવતી, ધક્કા ખાવાથી આવે છે. ખરાબ સમયમાં કેટલાક લોકો પોતે તૂટી જાય છે તો કેટલાક રેકોર્ડ તોડે છે. **'મહેનત ઇતની ખામોશી સે કરો કિ સફલતા શોર મચા દે.'**

મીઠો મધુરો ટહુકાર...

- ગિરીશ ગણાત્રા

..... ને, અચાનક એ મળી ગયો,

એની સ્મૃતિ તો વર્ષોથી ભૂંસાઇ ગઇ હતી એ પછી મને એ કયારેય યાદ આવ્યો નથી. કદાચ ન મળ્યો હોત તો એને યાદ કરવાનું મને કોઇ કારણ નહોતું. શાળાજીવનના સહાધ્યાયીઓનું એવું છે! કેટલાક મનની સ્મૃતિમાં જડ ઘાલીને બેસી જાય છે. તો કેટલાક વંટોળિયા બની એવા ઊડી જાય છે કે સ્મૃતિના તમામ દરવાજાઓ પછી બંધ જ થઇ જાય છે.

વસંત જયારે અચાનક મળી ગયો ત્યારે હું તો આશ્ચર્ય પામ્યો, પણ સાથે સાથે એ પણ આશ્ચર્ય પામ્યો!

'તું અહીં કયાંથી?'

અમે બંને લગભગ સાથે જ બોલી ગયા અને પછી હસી પડ્યાં. હું અહીં જ રહું છું. આ સામેની સ્ટ્રીટમાં મારી નાનકડી બંગલી છે. સિગારેટ ખલાસ થઇ ગઇ એટલે લેવા નીકળેલો. સર્વન્ટને મિસિસે કંઇ બહાર મોકલ્યો છે. બહાર નીકળવાનું મન નહોતું થતું. પણ હવે થાય છે કે ભગવાને સારા માટે જ મને બહાર મોકલ્યો, નહિતર તું ક્યાંથી મળતે? ચાલ હવે ઘર જોઇને જ જા...

વસંત બાળપણનો સહાધ્યાયી હતો.

એક જ સ્કૂલમાં, એક જ બેંચ પર, શૈશવના ત્રણ ત્રણ વર્ષોની દોસ્તીને અમે પાક્કી કરી હતી. એ બધું કેમ, ભૂલાય?

વસંતની બંગલીના દીવાનખંડમાં અમે પ્રવેશ કર્યો ત્યારે અંદરથી બંને છોકરાઓ દોડી આવ્યાં.

'પપ્પા, કેડબરીઝ લેતા આવ્યાં?'

બંનેને કેડબરીઝ આપતા આપતા કહ્યું:

'જાઓ બેટા, મમ્મીને કહો તો કોઇ આવ્યું છે, પપ્પાના ખાસ દોસ્ત છે...'

બેબી રસોડામાં દોડી ગઇ.

થોડીવાર પછી વસંતની પત્ની ટ્રેમાં શરબતના ગ્લાસ લઇને ડ્રોઇંગરૂમમાં આવી. ટીપોય પર ગ્લાસ મૂકી એ પતિની બાજુમાં બેસી ગઇ. વસંત એની પત્નીને મારો પરિચય કરાવી રહ્યો હતો.

જો, તને આની ઓળખાણ કરાવું. આ મારો બાળપણનો લંગોટિયો દોસ્ત. એક જ સ્કૂલમાં, એક જ બેંચ પર ભણતા. એ લખોટીમાં ઉસ્તાદ હતો ને હું ભમરડામાં. અમો બંને જણા સ્કૂલની ક્રિકેટમાં સાથે રમતા.

વસંત મારો પરિચય આપી રહ્યો હતો પણ મારૂં ધ્યાન એના શબ્દોમાં નહોતું. વસંતની પત્ની જયારે પાણી લઇને આવી ત્યારે લંગડાતી હતી. પાનીઢંક સાડીમાંય હું એના પગનું નિરીક્ષણ કરી રહ્યો હતો. મારી નજર વારંવાર એના પર જતી હોવાથી એ સ્ત્રીએ સાડી સરખી કરવાને બહાને સાડીને પગ પર વધુ ફેલાવી.

મને મારી ભૂલ સમજાઇ ગઇ. મારે આમ એના પગ પર ટગર ટગર તાકી રહેવાની કંઇ જરૂર નહોતી, એટલે... ઘડીક વસંતના મોં સામે તો ઘડીક એની પત્નીના મોં સામે જોઇ વસંતે ઉખેડેલી અમારી બાળપણની વાતો મરક મરક મુખે સાંભળી રહ્યો હતો.

અચાનક મારાથી બોલાઇ ગયું...

વસંત, ભાભીનો ચહેરો કંઇક જાણીતો લાગ્યા કરે છે. એને મેં કયાંક જોયા હશે?... પણ... પણ... કદાચ મારી ભૂલ પણ થતી હોય...

'નો, નો... નો...' વસંત બોલી ઉઠ્યો: 'શારદાનો ફોટો તેં મારી પાસેથી જ જોયો હતો. યાદ છે? સ્કૂલમાં હતા ત્યારે પત્રમૈત્રી દ્વારા મળેલો એનો પેલો ફોટો...'

ને સ્મૃતિ પર વર્ષોથી બંધાયેલા પડ ફટોફટ ઉખેળવા લાગી ગયા.

એ વખતે વસંત અને હું મેટ્રીકમાં સાથે હતા. દસમાં ધોરણથી એને પત્રમૈત્રીનો શોખ લાગેલો. જુદા જુદા સામાયિકોમાં આવતા સરનામાઓ લઇને એ પત્ર લખતો. સ્ટેમ્પ કલેકશન, ફોટોગ્રાફસ, કોઇન્સ વિગેરે શોખો અંગેની વાતોની આવા મિત્રો સાથે આપલ-લે થતી.

એક વખત એક મેગેઝીનમાં કોઇ છોકરીનું નામ એણે જોયું તુરત જ વસંતે પત્રમૈત્રી બાંધવાનો પત્ર લખી નાખ્યો.

નવાઇની વાત તો એ નીકળી કે આ પત્રનો પ્રતિસાદ આવે એવી જરાય વસંતને આશા નહોતી, પણ એક ગુલાબી પરબીડિયામાં સ્રૈણ હસ્તાક્ષરવાળો પત્ર મેળવી વસંત ખુશ થઇ ગયો.

શરૂ શરૂના પત્રોમાં શોખ, શોખની પ્રવૃત્તિઓ, માતા-પિતાનો પરિચય, કુટુંબનો પરિચય, શોખની પ્રવૃત્તિમાં સાધેલો વિકાસ ને એવી બધી વાત લખાતી. વસંત એની ગર્લફ્રેંડ શારદા તરફથી આવતા પત્રો મને વંચાવતો. એ ગર્લફ્રેન્ડનો ફોટો પણ બતાવ્યો. પણ પછી, એના પત્રો મને વાંચવા મળતા નહિ. પત્ર આવ્યાના સમાચાર કહે, વંચાવે નહિ.

પણ મેટ્રીકની પરીક્ષા જેમ જેમ નજીક આવતી ગઇ તેમ તેમ અમે વાંચવાને બહાને ખૂબ જ મળતા. રાતભર વાંચતા ને એવી એક એકાંતની પળે એણે મારી પાસે વ્યક્ત કરી દીધું કે એ શારદાના પ્રેમમાં છે.

બસ, મારી પાસે વસંતની આટલી જ વાત હતી. કારણ કે એ મેટ્રીકની પરીક્ષા આપી કોલકતા ગયો અને એ પછી એની સાથેની

દોસ્તીનો અંત આવ્યો. અમે કયારેય એકબીજાને એ પછી મળ્યા જ નહિ, ને આજે મળ્યા ત્યારે સ્વપ્નેય ધાર્યું ન હતું કે એ મને આવી રીતે મળશે.

અને જયારે હવે એ આજે મળ્યો જ છે તો પેલી પત્રમૈત્રીવાળી વાતનું અનુસંધાન મેળવી જ લઉં એ આશયથી હું પૂછી બેઠો...

'આ પત્રમૈત્રી આટલી નજદીકની મૈત્રી કઇ રીતે બની બેઠી?'

'એ તને કહું' કહી એણે શારદા સામે જોઇ કહ્યું, 'હવે આજે આટલા વર્ષે મને મળ્યો છે તો મને છોડશે તો નહિજ' અને મારી સામે જોઇ કહ્યું. 'અહીંથી જમીને જજે. હજુ તારી બાજુની વાત તો મારે સાંભળવી બાકી જ છે.'

'રસોઇ તૈયાર છે' એની પત્નીએ હસતા હસતા કહ્યું, 'તમે સિગારેટ લઇને પાછા આવો એની જ રાહ જોતી હતી. તમે દસેક મિનીટ પછી અંદર આવો, ત્યાં સુધી હું બધી તૈયારીઓ કરી લઇ...' કહી શારદાભાભી ઉઠ્યાં.

ખરેખર, એનો પગ લંગડાતો હતો, એ ચાલતા હતા ત્યાં સુધીમાં મેં જોઇ લીધું કે એનો જમણો પગ જરા ટૂંકો છે ને કદાચ... કદાચ.... પાતળો પણ છે...

'... પછી એવું થયું કે...' વસંતે વાતનો આરંભ કરી દીધો હતો, 'હું કોલકાતા ગયો. આગળ ભણવાનું નક્કી કરેલું પણ વચલા ભાઈનું આકસ્મિક રીતે મૃત્યુ થયું એટલે મોટાભાઈ જોડે એના ધંધામાં લાગી જવું પડ્યું પણ ધંધો હોય કે ભણતર હોય, શારદા જોડે મેં પત્રવ્યવહાર ચાલુ રાખ્યો. મેં એને મારા દિલની વાત અને પ્રેમનો એકરાર તો પત્રમાં વ્યક્ત કરી જ દીધો હતો.

એક વખત ધંધાના કામે મારે મુંબઈ જવાનું થયું. આમ અમે વેપારી માણસો. પ્લેનની ટીકીટના પૈસા ન ખર્ચીએ ભલે એક-બે દિવસ વધારે થાય, પણ ટ્રેન દ્વારા જ મુસાફરી કરીએ, પણ શારદાને પ્રત્યક્ષ મળવાની એટલી બધી તાલાવેલી લાગી હતી કે મોટાભાઇથી છૂપાવી, મેં પ્લેનમાં મુંબઈ ભણી દોટ મૂકી.

મુંબઈની માર્કેટમાં મે જલદી જલદી કામ પતાવી લીધું ને ટેક્સી કરી હું શારદાને ઘેર પહોંચ્યો.

માટુંગાના ભાઉદાજીના માળાને પહેલે મજલે છેલ્લી ડબલરૂમાં એ રહેતી હતી. હું ગયો ત્યારે રૂમના બારણા ખુલ્લા હતા. સોફા પર બેઠી બેઠી એક યુવતી ટેબલ કલોથ પરનું ભરતકામ ભરી રહી હતી.

મારી સામે જોઇ એ બોલવા જતી હતી કે 'કોનું કામ છે?' પણ મારો ફોટો એની પાસે હતો એટલે એ ઓળખી ગઇ ને તુરત જ બોલી ઊઠીઃ

'આવો, આવો, તમે જ વસંત સંઘવીને?'

'હા, ને તમે શારદા...'

'બરાબર' કહી ને એ ઊભી થઇ અને મને પાણી આપવા એ રસોડા તરફ ગઇ.

એ વખત મેં જોયું તો એનો પગ લંગડાતો હતો!

હું ડઘાઇ જ ગયો!

અરે, આવી સ્વરૂપવાન છોકરી પગે લંગડી? આ... આ... મારી પ્રિયતમા? મારી પ્રિયતમાને મેં કેવી કેવી કલ્પી હતી!

'મમ્મી નાના ભાઈને લેવા સ્કૂલે ગઇ છે. હમણાં જ આવશે. તમે આજે અહી જ જમજો હો!'

'એ પછી મેં શારદા જોડે વાતો કરી, પરંતુ મારું મન સતત એના જમણા પગ પર જ ખેંચાયેલું હતું. એ દિવસે સાંજે હું ત્યાં જમ્યો. શારદાના બા-બાપુજીને મળ્યો. ખૂબ ખૂબ વાતો કરી. ખૂબ જ સંસ્કારી અને ખાનદાન કુટુંબ હતું. મને જરા પણ લાગવા ન દીધું કે હું પારકો છું.'

બીજે દિવસે હું અમે શારદા ફરી મળ્યાં. એક હોટલના ખૂણે નાસ્તો લેતાં હતાં. ત્રીજે દિવસે જુહૂના દરિયાકાંઠાની રેતીમાં બેઠા બેઠા વાતો કરી.

મુંબઈનું કામ પતાવી મારે તાત્કાલિક કોલકાતા જવાનું હતું એટલે હું કોલકાતા પહોંચી ગયો. પાંચમો દિવસે શારદાનો પત્ર આવ્યો. પત્રમાં ઘણું લખ્યું હતું. પણ છેલ્લે લખાયેલા એક પેરેગ્રાફે મને હચમચાવી નાખ્યો. એણે લખ્યું હતું. એકમેકની સાથે લાગણીની ગાંઠે બંધાયેલી આપણી મૈત્રીને જો હું માત્ર ઔપચારિક મૈત્રીમાં ફેરવી નાખવાનું કહું તો તમે ખોટું લગાડશો નહિ ને? ઇશ્વરે મને નાનપણથી જ પોલિયો દ્વારા એક પગની ખોડ આપી છે. આ ખોડને હવે હું આશીર્વાદ સમજું છું. પોતાની ખોડ ખાંપણ જોઇને અન્યની ખોડ-ખાંપણ કાઢવાનું ઇશ્વરે મને ભૂલાવી દીધું છે અને એટલે જ સહનશીલતા અને ધીરજથી હું ઘડાયેલી છું. તમે વારંવાર મારા પગ સામું જોતા હતા. એ પગ આપણા વૈવાહિક સંબંધને આડે આવશે, આથી, મારા તરફથી તમને હું મુક્ત કરું છું. તમારા પ્રેમનો એકરાર મને ગમ્યો હતો. હવે માત્ર મૈત્રીનો એકરાર પણ ગમશે અને જો મૈત્રી પણ ન ઇચ્છતા હો તો મારી તમારા પ્રત્યેની શુભ ભાવનાઓનો સથવારો તો ગમશે ને...?'

આટલું બોલી વસંત ચૂપ થઇ ગયો.

એ એના જ ભૂતકાળમાં ખોવાઈ ગયો.

દીવાનખંડમાં અમે બંને મૌન ધારણ કરી બેઠા હતા. થોડીવાર પછી મેં એને પૂછ્યૂં:

'પછી શું થયું?'

એ જવાબ આપે તે પહેલા અંદરથી એની પત્નીએ સાદ કર્યોઃ

'ચાલો, આવો છો ને...?'

'પછી શું થયું?' એ તારા પ્રશ્નનો જવાબ છે અંદરનો ટહુકાર. તે સાંભળ્યો ને? એ ટહુકારની મીઠાશ મેં માણી છે મારા સંતૃપ્ત જીવન દ્વારા. એથી વિશેષ કંઇ મારે કહેવાનું છે ખરૂં?'

મેં ના પાડી...

યુવતીઓ તમારે બોયફ્રેન્ડ છે ? તો આટલું ખાસ વિચારો...

- ડો. અશોક પટેલ (વાસણા- અમદાવાદ)

ફાધર, ડેડી કે પપ્પા તમે જૂના જમાનાના વિચારો ધરાવો છો. તમે ખૂબ જ શંકાશીલ છો. અમને અમારી જવાબદારીનું ભાન છે. વગેરે વગેરે વાકયો આજના યુવાન-યુવતીઓના મોઢેથી સાંભળવા મળે છે. ત્યારે પ્રશ્ન થાય કે શું ઉપરોક્ત વાક્યો સાચા છે? પપ્પા રોકેટોકે એટલે શું જૂના જમાનાના અને શંકાશીલ થઇ ગયા? શું આજના બધા જ યુવાન-યુવતીઓને તેમની જવાબદારીનું ભાન છે? ત્યારે વાસ્તવિકતા એ જોવા મળે છે કે, ઉપરોક્ત વાક્યો ખોટા જ છે. આજના પપ્પા આજની બગડેલી કે બગડતી પરિસ્થિતિને આધારે સલાહ આપે કે માર્ગ ચીંધે તો એને જૂના જમાનાના નહિ, પણ અનુભવી ગણાય. આજના યુવાન અને યુવતીઓને એમની જવાબદારીનું જો ભાન હોય તો રોજબરોજ સમાચાર પત્રોમાં કે સોશિયલ મીડિયામાં દિલ હચમચાવી મૂકે તેવા નકારાત્મક સમાચારો વાંચવા મળતા ના હોત. આ તો વાંચવા મળતા કિસ્સા છે, પણ આપણા સુધીના પહોંચેલા કિસ્સાઓની સંખ્યા અનેકગણી છે. ત્યારે આજના યુવાનો અને તેમાં પણ ખાસ કરીને યુવતીઓને આ લેખ દ્વારા કેટલીક બાબતનું ધ્યાન દોરવાનો પ્રયત્ન છે.

ગુમરાહ થયેલી અનેક યુવતીઓ આજે ઘણું બધું સહન કરી રહી છે. ૨૦ વર્ષ સુધી પપ્પા સાથે રહ્યાં, ૨૫ વર્ષ પછી સાસરીમાં જશો. ત્યારે વચ્ચેના પાંચ વર્ષ જ સાચવી લેવાના છે. આ પાંચ વર્ષના કેટલાક વર્તનો કે નિર્ણયો જ તમારી જિંદગીની દિશા અને દશા નક્કી કરે છે. આ દસ જ દિવસમાં મારી સામે ત્રણ કિસ્સા આવ્યા. તેમાંથી પ્રેરણા લઇને જિંદગી બચાવી શકાશે. દરેક કિસ્સામાં નામ બદલેલા છે. સુનીતાના લગ્ન થયે ચાર વર્ષ થયા. તેના પતિ ધીરજને લગ્નપૂર્વે રાધિકા સાથે પ્રેમભર્યા સંબંધ. સાથે ફર્યા, મોબાઈલમાં સેલ્ફીઓ લીધી, ફોટા પડાવ્યા વગેરે. બન્નેના અલગ અલગ જગ્યાએ લગ્ન થયા. લગ્નના દસ જ દિવસમાં સુનીતાને ખબર પડી ગઇ. ઘરમાં ઝઘડા શરૂ. બન્ને છૂટા રહેવા લાગ્યા. અત્યારે કોર્ટમાં કેસ ચાલે છે. સુનીતાએ કોર્ટમાં રાધિકા અને ધીરજના ફોટા રજૂ કર્યા. જેની જાણ રાધિકાના પતિને પણ થઇ. જે રાધિકાએ છૂપાવેલ હતું. વિચારો શું પરિણામ આવશે

બીજા કિસ્સામાં ઉચ્ચ અભ્યાસ કરતી ભણવામાં હોશિયાર એક યુવતીને પરધર્મી છોકરા સાથે દોઢ જ વર્ષમાં ગાઢ પ્રેમ થયો. છોકરો માત્ર દસમું ધોરણ ભણેલો. એક વેપારીને ત્યાં કારના ડ્રાયવર તરીકે નોકરી કરે છે. આ યુવતી આ બધું જ જાણે છે. હવે કહે છે કે, હું તેની સાથે લગ્ન નહિ જ કરું. પણ જયાં સુધી મારી સગાઇ નાં થાય ત્યાં સુધી એની સાથે સંબંધ રાખીશ, પછી છોડી દઇશ. આ અંગે અન્ય એક યુવતીએ એને સલાહ આપતા કહેલું કે, 'જે ઘેર જવું જ ના હોય, તો તેનું નામ લેવાની શી જરૂર'? આ છોકરીએ વળી કેટલાક ફોટા પણ તેની સાથે પડાવેલ છે. તે અંગે પૂછતાં તેણે કહેલું કે, એ છોકરો મારા ફોટા કોઇને બતાવે જ નહિ, મને એની પર વિશ્વાસ છે વગેરે. ત્યારે આવા વિચારો ધરાવતી યુવતીઓને કહેવાની ઇચ્છા થાય કે, જો લગ્ન કરવાના નથી જ, તો અત્યારે પ્રેમ કરો છો તે યોગ્ય છે? બીજું તમે ભવિષ્યમાં સંબંધ છોડવા માંગશો ત્યારે તે છોકરો સંબંધ ચાલુ રાખવાનું કહેશે તો? જો તમે મક્કમ મને ના પાડશો અને તે તમારા ફોટા કે પ્રેમપત્રો દ્વારા તમને બ્લેકમેઇલ નહિ કરે એની ખાતરી ખરી? ભવિષ્યમાં તમે બીજે લગ્ન કરશો અને તમારા પતિને ખબર પડશે તો? જો તમે એમ કહેશો કે, અમારે તો માત્ર ફ્રેન્ડશીપ જ હતી. તો આ વાત તમારા પતિ માનશે ? કારણકે ફ્રેન્ડશીપ માટેનું એવું એકપણ પરીબળ તમારી વચ્ચે નથી. નથી એ છોકરો તમારી સાથે ભણ્યો, ના તો તે સારી નોકરી કે ધંધો કરે છે, ના તો તે તમારા સમાજનો છે વગેરે. તો બેનશ્રી, આવા ઝેરના પારખા ના કરાય. તમારે શક્ય તેટલો ઝડપથી આ સંબંધ તોડી દેવો જોઇએ. જો છોકરો સમજુ હશે તો સ્વીકારી લેશે અને ના સ્વીકારે તો તમે તેને ઓળખી જશો કે એ એટલો સ્વાર્થી છે. જેથી લગ્નપૂર્વે તમને સંબંધ કાપવાનો સમય મળશે. અંતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉભા નહિ થાય. ત્રીજી ઘટનામાં, રમીલાનો સંબંધ એક ઉચ્ચ અભ્યાસ કરીને ઉચ્ચ નોકરી કરતા સુમન સાથે થોડા મહિના પૂર્વે કરવામાં આવ્યો. સંબંધ કરવામાં આવ્યો ત્યારે સુમને રમીલાને જણાવેલ કે, ભૂતકાળમાં મારે અમુક છોકરી સાથે ફ્રેન્ડશીપ હતી. તારે આવું કશું હોય તો જણાવ. રમીલાએ ના પાડી કે મારે નથી.. હા, મનોજ સાથે અઠવાડિયા માટે ફ્રેન્ડશીપ રાખેલી. રમીલાનું આ વાક્ય સુમને પકડયું. સુમનને ખ્યાલ આવ્યો કે, રમીલાને મનોજ સાથે ગાઢ દોસ્તી હતી ને આજે પણ છે. હવે પરિણામ શું આવશે?

આજે છોકરીઓ એવું માને છે કે, અમે સગાઇ વખતે જ છોકરાને જણાવી દઇશું. પણ વાસ્તવિકતા એ છે કે, આવી વાત છોકરીઓ સરળતાથી સ્વીકારી શકે છે, પણ છોકરાઓ એટલી સરળતાથી સ્વીકારી શકતા નથી. જો પતિથી છૂપાવો તમને સાચી વાતની

ખબર પડશે તો તમે તમારી જાતને નીચી જોશો અને આખી જિંદગી દબાયેલા રહેશો.

ઉપરોક્ત ઘટનાઓની ચર્ચા મેં મારી કોલેજના તાલીમાર્થી ભાઈ અને બહેન સાથે કરી. ચર્ચામાં બહેને જણાવ્યું કે, મોટાભાગના છોકરાઓ છોકરીઓને શરૂઆતમાં ખૂબ જ સાચવતા હોય છે. તેમની સાથે સારી રીતે અને મોટી વાતો કરે. છોકરીને ગીફ્ટ આપે. ફરવા લઇ જાય. છોકરીના કામ કરે. જેથી છોકરીઓ ઇમ્પ્રેશ થઇને આકર્ષાય છે. કોલેજના છોકરાએ જણાવ્યું કે, કોઇપણ છોકરીએ ફ્રેન્ડશીપ બાંધવાનું કહે એટલે આપણે હા પાડવી જરૂરી નથી. એણે સરસ ઉદાહરણ આપ્યું કે, મને કોઇ હિરોઇન ખૂબ જ ગમે, હું એને પ્રેમ કરું. એટલે શું તે મારી સાથે ફ્રેન્ડશીપ કરશે ? ના જ કરે. કારણ કે, તેનું અને મારું સ્ટેટ્સ જુદું છે. ફ્રેન્ડશીપ, પ્રેમ કે લગ્ન કરવા માટે ઘણી બાબતો વિચારવી જોઇએ. સમાજની માન્યતાઓ, સંસ્કૃતિ, ભણતર, સંસ્કાર વગેરે. લગ્ન પછી તમે જે ઘરમાં જશો ત્યાં તમારું સ્થાન શું હશે ? તમને કેટલી અને કેવી સ્વતંત્રતા મળશે ? તમે અને તમારા બાળકો પ્રગતિ કરી શકશો ? તમારા પપ્પાને તેમના જમાઈથી ગૌરવ થશે ? મમ્મી-પપ્પાને જરૂર પડે તેમનો જમાઇ અડધી રાતે આવીને ઊભો રહી શકે તેવો સક્ષમ છે ? છોકરીએ છોકરાના રૂપને ના જોતા તેની કાબેલિયત, સ્ટેટ્સ, ભણતર વગેરે જોવા જોઇએ.

ઘણી છોકરીઓ શરૂઆતમાં ફ્રેન્ડશીપ કરતી હોય છે. પછી તે ફ્રેન્ડશીપ પ્રેમમાં પરિણમે છે. અને એવું માનવા લાગે છે કે, મારી સાથે સંબંધ રાખનાર છોકરો મને કયારેય છેતરે નહિ જ. મારા ફોટા કોઇને બતાવે જ નહિ. અમારા સંબંધ અંગેની વાત કોઇને ના જ કરે. મારા માટે જીવ આપી દે. વગેરે. જે તેમની ભ્રમણા છે. હકીકત એ છે કે, મોટાભાગના છોકરાઓ આવા સંબંધની વાત પોતા મિત્રવર્તુળમાં વટ મારવા કરે કરે ને કરે જ. એટલું જ નહિ ફોટા પણ બતાવે અને પ્રેમ પત્રો પણ વંચાવે. વળી આ છોકરાઓ પેલી છોકરીને એવું જણાવતા હોય છે કે, હું કોઇને ના કહું. મારી પર વિશ્વાસ રાખ વગેરે. પછી બ્રેકઅપ થાય એટલે આપણે સૌ જાણીએ છીએ તેમ સોશિયલ મીડિયામાં ફોટા ફરતા થઇ જાય છે. કયારેક તો પેલા છોકરાના મિત્રો પણ ગેરલાભ લેવા માંડે છે. માટે જ યુવાનીમાં કયાંક આવા સંબંધ બાંધી બેઠા હોવ તો, લગ્નપૂર્વે ઓછામાં ઓછા સગાઈના છ માસ પૂર્વે આવા સંબંધો તોડી નાખો. તો જ તમે બિન્દાસ કહી શકશો. હા, સંબંધ હતા, પણ અત્યારે નથી. જે પતિદેવ સાંચુ પણ માનશે.

લગ્ન કરવા માટે શરૂઆતમાં પ્રેમ કરવો જરૂરી નથી. આજના આપણા ૯૫ ટકા લોકો પહેલા લગ્ન કર્યા છે, પછી પ્રેમ કર્યો છે. જેથી તે સંબંધો ટક્યા છે. જે પાંચ ટકા પહેલા પ્રેમ કરીને લગ્ન કર્યા છે, તેમાંથી ખૂબ જ ઓછા ટક્યા છે. કયાંય કોઇ સાથે ફ્રેન્ડશીપ કે આંધળો પ્રેમ થઇ ગયો હોય તો ફોટા ના જ પડાવો. ચિઠ્ઠીઓ કે પ્રેમપત્રો ના લખો. તમારી કોઇ નિશાની રહી જાય તેવું કશું જ ના કરો. ફ્રેન્ડશીપ અને પ્રેમ બન્નેમાં મોટો તફાવત છે. તે સમજો વચનો કે વિશ્વાસમાં ના રહો. સમાજમાં બનતા કિસ્સાઓ જુવો. તેમાંથી શીખો. સમાજમાં બધા જ છોકરાઓ ખરાબ છે તેવું નથી. પણ તમારી આ ઉમરમાં તમે સારા અને ખરાબ છોકરાને અલગ નહિ પાડી શકો. ફ્રેન્ડશીપમાં ફરવા જવાનું થાય તો એકલા ના જશો. સાથે બહેનપણીને રાખો. આજના મા-બાપે પણ પોતાના સંતાન સાથે બેસીને ખુલ્લા દિલથી ચર્ચા કરવી જોઇએ, સંતાનોને સલાહ અને સમજ આપવી જોઇએ.

સંસ્થા સમાચાર

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

સમાજને ભેટ

૧૦૦૦/- શ્રી નિલેશભાઈ પ્રાણલાલ પારેખ તરફથી સ્વ.રમીલાબેન પ્રાણલાલ ન્યાલચંદ પારેખના આત્મશ્રેયાર્થે.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ -મુંબઈ

શ્રી તારાચંદ ધનજીભાઈમહેતા તબીબી રાહત ખાતે

રૂા. ૫૦૦/- શ્રી ધીરજલાલ મણિલાલ મહેતા તરફથી તેમના જન્મદિવસ ની ભેટ

શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ જીવનભાઈ વોરા મેડિકલ ક્રિટીકલ તબીબી રાહત ખાતે

રૂા. ૫૦૦/- શ્રી ધીરજલાલ મણિલાલ મહેતા તરફથી તેમના જન્મદિવસ ની ભેટ

અનાજ વિતરણ ખાતે

રૂા. ૬૩૦/- શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ તરફથી ભેટ

રૂા. ૫૦૦/- શ્રી ધીરજલાલ મણિલાલ મહેતા તરફથી તેમના જન્મદિવસ ની ભેટ

રૂા. ૧૧૦૦/- શ્રીમતી ભાનુબેન હિંમતલાલ ભાયાણી તરફથી ચિ.ભાવિક વ્યોમેશભાઈ ભાયાણીને ત્યાં પુત્રી રત્ન ના જન્મની ખુશાલી નિમિત્તે ભેટ

રૂા. ૫૦૦/- શ્રીમતી દર્શનાબેન જયેશભાઈ વસા તરફથી તપસ્વી દર્શનાબેન ના વર્ષીતપ નિમિત્તે ભેટ

અનાજ વિતરણ સહાયક કોર્પસ ખાતે

રૂા. ૫૦૦૦૦/- માતુશ્રી રમીલાબેન રમણીકલાલ પારેખ પરિવાર તરફથી સ્વ.રમીલાબેનના આત્મશ્રેયાર્થે ભેટ

ચિંતનની પળે

તેં તારા આ કેવા હાલ કરી નાખ્યા છે!

- કૃષ્ણકાંત ઉનડકટ

જો ન ખબર પડે તો બસ સવાલ પૂછી જો,

નહીં તો એક જ રસ્તો છે, વાડ કૂદી જો. - હરીશ શાહ

જિંદગીનો સ્વભાવ પડકારો આપવાનો છે. જિંદગી કયારેય સીધી લીટીમાં ચાલતી નથી. એની ફિતરત જ અવળચંડી છે. કદાચ જિંદગી એકસરખી હોત તો જીવનનો ચાર્મ પણ ન રહેત. દુઃખ છે તો જ આપણને સુખની પરવા છે. વેદના છે તો જ આનંદનું મૂલ્ય છે. પીડા અને દર્દ કોઇ ને કોઇ સ્વરૂપે ત્રાટકતાં રહેવાનાં છે. બધું સરખું ચાલ્યું જતું હોય ત્યાં જ અચાનક કંઇક એવું થાય છે જે માણસને મૂંઝવી નાખે છે. દુનિયામાં કોઇ માણસ એવો નહીં હોય જેને કયારેય વિપદા ન આવી હોય. કરૂણતા એ છે કે, આપણે વેદના અને પીડાને પંપાળતા રહી છીએ. કોઇને પણ સવાલ કરો કે, તમારી જિંદગીમાં સૌથી કપરો સમય કયો હતો તો એ ફટ દઇને કહી દેશે કે મારો એ સમય બહુ અઘરો હતો. બીજો સવાલ એ કરો કે, સૌથી બેસ્ટ ટાઇમ કયો હતો, તો એને જવાબ આપતા પહેલાં થોડોક વિચાર કરવો પડશે. સારું બહુ ઓછું યાદ રહે છે અને ખરાબ ઘડીકમાં ભુલાતું નથી. જિંદગીનો આધાર એના પર રહેતો હોય છે કે, આપણે શું યાદ રાખીએ છીએ અને શું ભૂલી જઇએ છીએ. જેનામાં ભૂલી જવાની આવડત છે એ સુખની વધુ નજીક રહે છે. કોઇ વખાણ કરશે તો આપણને ગમશે પણ લાંબો સમય યાદ નહીં રહે, કોઇ જરાકેય ટીકા કરશે અથવા તો ખૂંચે એવું બોલશે તો આપણે કયારેય નહીં ભૂલીએ. એણે મને આવું કહ્યું હતું, મારાથી એ ભુલાતું જ નથી. હું એને કયારેય માફ નહીં કરું! કોઇ તો એક વાર કહે છે પણ આપણે એ જ વાત આપણી જાતને હજાર વાર કહેતા રહીએ છીએ અને દરેક વખતે એ પીડાનો અનુભવ કરીએ છીએ. એમાંથી મુક્ત થવું પડતું હોય છે.

ઉદાસી, નારાજગી અને ગુસ્સાની અસર સીધી આપણા અસ્તિત્ત્વ પર થતી હોય છે. આપણા વિચારો આપણા ચહેરા પર તરવરી જાય છે. ગુસ્સામાં હોય એનો ચહેરો કયારેય સૌમ્ય નથી લાગવાનો. આપણા મનમાં જે ચાલતું હોય છે, એની ચાડી ચહેરો ફૂંકી દે છે. એક છોકરીની આ વાત છે. પ્રચંડ બુદ્ધિશાળી એ છોકરીને એક છોકરા સાથે પ્રેમ થયો.

સમય જતાં સમજાયું કે, પોતે જેને પ્રેમ કરે છે એ છોકરો સારો નથી. એણે જ બ્રેકઅપ કર્યું, પણ એનાથી એ વાત સહન થતી નહોતી કે, મારાથી તેને ઓળખવામાં ભૂલ કેમ થઇ ગઇ? હું મૂરખ બની. એ ડિસ્ટર્બ રહેવા લાગી. આંખોની ફરતે કૂંડાળા થઇ ગયાં. એની સ્થિતિ જોઇને તેની ફ્રેન્ડે કહ્યું. આ તેં તારી શું હાલત કરી નાખી છે? તારૂં મોઢું તો જો! કયાં ગઇ તારા ચહેરાની રોનક? તુ તો વિચારોનો ધોધ છે, તારા વિચારોના ધોધને ગટરમાં ન વહેવા દે! જે થઇ ગયું એમાંથી બહાર નીકળ. જિંદગીમાં આપણી સાથે કંઇ ન ગમે એવું બને ત્યારે આપણે કોઇને દોષ દેવો ન જોઇએ. એમાંયે પોતાની જાતને તો કયારેય દોષી ન ગણવી જોઇએ. ભૂલ થઇ જાય તો એને સુધારવાની, એમાંથી શીખવાનું પણ એમાં પડયાં નહીં રહેવાનું, તારા વિચારોને ડાયવર્ટ કર અને એને સાચી અને સારી દિશા આપ!

કેવું છે! ઘણી વખત આપણને કોઇ કહે ત્યારે ભાન થાય છે કે, આપણે કેવા થઇ ગયા છીએ! આપણે રોજ અરીસામાં આપણું મોઢું જોતા હોઇએ છીએ, પણ ચહેરા પર આવતા બદલાવને ઘણી વખત સમજી શકતા નથી. ચહેરાને સમજવા માટે વિચારોને સમજવા પડે છે. પ્રફુલ્લિત ચહેરો તો જ હોવોનો જો આપણા વિચારો ઉમદા હોય. એક દલીલ એવી પણ થઇ શકે કે, વિચારો પણ આખરે તો સમય અને સંજોગો પર આધાર રાખે છેને? સાચી વાત છે, કોઇ અણગમતી ઘટના બને ત્યારે ઉદાસી થવાની જ છે. થવી પણ જોઇએ. એ જ તો આપણી સંવેદનશીલતા પ્રગટ કરે છે. ગમે તે બને અને કંઇ અસર ન થાય ત્યારે આપણે જ કહેતા હોઇએ છીએ કે, કેવો જડ જેવો છે અથવા તો કેવી જડ જેવી છે! જિંદગીમાં જડ જેવા નહીં પણ જળ જેવા થવું પડે છે, વહેતા રહેવું પડે છે. દરેક વખતે વહેણ સીધું નહીં જ હોવાનું, કયારેક વળાંક તો આવવાનો જ છે. કોઇ ઝરણું વળાંક આવ્યે અટકી નથી જતું. પહાડ હોય તો ધોધ બનીને પણ વહેતું રહે છે! જિંદગીમાં માણસે જુદા જુદા સ્તરે

જીવવાનું હોય છે. જિંદગીમાં પહેલાં સમજણ, પછી બુદ્ધિ અને પછી જ્ઞાનનો ઉમેરો થવો જોઇએ. આપણે ભલે જ્ઞાની ન થઇ શકીએ, સમજું થઇએ તો પણ ઘણું છે. વ્યાવહારિકતા હોય તો પણ પૂરતું છે. જિંદગીને સમજવી પડે છે અને સમજ્યા પછી જિંદગી જેવી છે એવી સ્વીકારવી પડે છે. આ સ્વીકાર પણ સહજ હોવો જોઇએ. જિંદગી સામે ફરિયાદો કરવાનો કોઇ અર્થ હોતો નથી. સમજ એ જ છે કે, આપણે આપણને મળેલી જિંદગીમાંથી સુખ, આનંદ અને ખુશી શોધીએ. શોધીએ તો મળે. જિંદગી જીવતા શીખવું પડે છે. અનુભવો આપણને જિંદગી જીવતા શીખવાડે છે. ઘણી વખત આપણને જે અનુભવો થાય છે એમાંથી કંઇ શીખવા કે સમજવાના બદલે તેની ફરીયાદો કરીએ છીએ. ઉધામા મચાવીએ છીએ. શાંત થવાનું હોય ત્યારે નારાજ કે ઉદાસ થઇએ છીએ.

દરેક માણસની પોતાની એક ઔરા હોય છે. ઔરા સારી પણ હોય છે અને બૂરી પણ હોય છે. ઔરા એમ જ નથી બનતી. એની પાછળ આપણી વૃત્તિ અને પ્રકૃતિ કારણભૂત હોય છે. તમે તમારી પ્રકૃતિનું કયારેય અવલોકન કર્યું છે? પ્રકૃતિ બદલતી રહે છે. બદલે એનો વાંધો નથી, બગડે નહીં એની કાળજી રાખવી પડતી હોય છે. કેટલાક લોકોની વાતો સાંભળીને અને વર્તન જોઇને આપણે એવું કહીએ છીએ કે, એ માણસ કેવો થઇ ગયો? પહેલાં એ આવો હતો નહીં? આપણને આપણી કેટલી ખબર હોય છે કે, હું કેવો હતો અને કેવો થઇ ગયો છું.? બનવા જોગ છે કે આપણે સારા પણ થયા હોઇએ. આપણને એની પણ ખબર હોવી જોઇએ કે, આપણે સારા થઇ રહ્યા છીએ. સારા થતાં હોઇએ એનું ભાન હોય એને જ ખબર પડતી હોય છે કે, ખરાબ થતા નથી. માણસે સમયે સમયે પોતાનું મૂલ્યાંકન પણ કરવું પડતું હોય છે. જિંદગીમાં જેટલા દિવસોનો ઉમેરો થાય છે એની સાથે સમજણમાં કેટલો વધારો થાય છે? સમજુ થયા હોય તો પણ એક વાતનું ધ્યાન રાખવું પડતું હોય છે કે, જ્ઞાનનો કોઇ ભાર ન લાગે! સાચું જ્ઞાન એ છે કે જે માણસને હળવો બનાવે. એક વ્યક્તિની આ વાત છે. તે ખૂબ હોશિયાર હતો. ધીમે ધીમે તેને અનેક એવોર્ડ મળવા લાગ્યા. એની નામના થઇ ગઇ. એ માણસને પછી એવું થવા લાગ્યું કે, હું તો કંઇક છું. બીજા બધાને એ તુચ્છ સમજવા લાગ્યો. કોઇને ગણકારે નહીં. એક વખત તેના મિત્રે કહ્યું, તમને કોઇની નજીક લઇ જાય એ જ સાચું જ્ઞાન છે. દૂર લઇ જાય એ નહિં! તું તો બધાથી દૂર થઇ રહ્યો છે. તને ખબર છે, દરેક સારો માણસ જ્ઞાની હોય એ જરૂરી નથી પણ દરેક જ્ઞાની માણસ સારો હોય એ વધુ જરૂરી છે. ઘણા લોકો સ્વભાવે જ સારા હોય છે. ઉદાર દયાળુ અને સહિષ્ણુ હોય એ માણસ દરેક ને સ્પર્શે છે. કોઇને આપણી સાથે વાત કરવાનુ મન ન થાય તો આપણી આવડત, બુદ્ધિ કે જ્ઞાનનો કોઇ મતલબ નથી. ગમે એ સ્થાને પહોંચી જઇએ, પણ આપણા લોકોથી દૂર થઇ જઇએ તો એ સિદ્ધિ સાર્થક બનતી નથી. બારે રહેનારા લોકો મોટાભાગે પોતાના વજનથી જ દબાઈ જતા હોય છે. હળવા રહેનારા જ હસતા અને બધા સાથે હળતા મળતા રહે છે. પ્રભુત્ત્વ કેળવવું અને વર્ચસ્વ જમાવવું એમાં બહુ મોટો ફેર છે. સાચી જિંદગી એ જ છે કે, જીવવાની મજા આવે. તમને જિંદગી જીવવાની મજા આવે છે? ન આવતી હોય તો સમજવું કે આપણે ખોટા રસ્તે છીએ. સાચા રસ્તા દૂર નથી હોતા, આપણે બસ એ તરફ પગલાં માંડવાના હોય છે.

છેલ્લો સીનઃ દરેક પોતાના પ્રોબ્લેમ અને પડકારોનો સામનો કરતા જ હોય છે. ફેર એટલો જ હોય છે કે, ઘણા હિંમતભેર પડકારોનો સામનો કરે છે અને કેટલાક રોદણાં રડવામાંથી નવરા નથી પડતા. (- સોજન્યઃ સંદેશ)

શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

IFCI Code : **BKID0000008**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

-: NEW ADDRESS :-

Shri Nileshbhai Pranlal Parekh
102, Tulip, Silverpark Residency,
Behind Oswal Vadi, Kamatghar Road,
Bhiwandi, Dist.Thane-421302.
Mo.: 9326350955 / 8169369824

-0-0-0-0-0-

Shri Chandrakantbhai Nayalchand Parekh
803 Yasmin CHS. Ltd., Sevaram Lalvani Road,
Gaushala Road, Mulund (West),
Mumbai - 400080.

-0-0-0-0-0-

Shri Lalitkumar Muljibhai Ramani
No.4, Swastik Bunglow,
39, Vasant Kunj Society, Jain Nagar,
Paldi, Ahmedabad-380 007 (Gujarat).
Mo.: 9825254900

સાવ નકલી રત્નનો ચળકાટ પણ ઓછો નથી

– ડૉ. શરદ ઠાકર

એ સાંજે હોસ્પિટલના ઓડિટોરિયમમાં એંશી ડોકટરો સાંભળી રહ્યા અને ડો.વી.ડી. ગરજતા રહ્યા, વરસતા રહ્યા, તાંડવ બનીને ત્રાટકતા રહ્યા. ડૉ.વી.ડી. શાહ સૌમ્ય, સુંદર અને શ્વેત વ્યક્તિત્વના સ્વામી. કપડાં પણ હંમેશાં સફેદ રંગના જ પહેરે. દૂધ જેવા સફેદ રંગનાં. એમનો ચહેરો પણ એટલો જ ગોરો. કપડાંના રંગ સાથે સ્પર્ધા કરે તેવો. કાયમ હસતા રહે એટલે દાંતનાં દર્શન ચાલુ જ રહે. એ પણ દૂધ જેવા સફેદ. આ શ્વેત ક્રાંતિમાં હજુયે જો કંઇક ખૂટતું હોય તો એમના મસ્તક તરફ જોવું પડે. પૂનમની રાતે પૃથ્વી ઉપર ઢોળાયેલી ચાંદની જેવા રૂપેરી કેશ ફરફરે. વી.ડી.શાહ સાહેબ ડોકટરને બદલે દેવદૂત જેવા વધારે દેખાય.

એમના વિશે ઘણી બધી વાતો મારા સાંભળવામાં આવેલી અને દરેક વાતે એમના પોટ્રેટમાં શ્વેત રંગનો એક વધુ લસરકો મારી આપ્યો હતો. એક દિવસ એ જે હોસ્પિટલના વડા તરીકે સેવા આપી રહ્યા હતા ત્યાંના લોન્ડ્રી વિભાગના એક છોકરાને થેલીમાં કશુંક લઇ જતો જોઇ ગયા. છોકરાની હિલચાલ જરાક શંકાસ્પદ હતી. ડો.વી.ડી.શાહે એને ટપાર્યો, એઇ...! શું લઇ જાય છે? કંઇ નથી! કંઇ નથી! છોકરો એવી રીતે બોલતો હતો કે કોઇ પણ માણસ સમજી જાય કે થેલીમાં ચોક્કસ કંઇક છે. ડો.શાહે એને પાસે બોલાવ્યો. થેલી આંચકી લીધી. અંદર એક શર્ટ હતું. એમણે આંખ લાલ કરી, 'કોનું છે આ શર્ટ?' ઘરાકનું છે... પ... પણ કોનું છે એ ખબર નથી... કો'ક દરદીનું કે એના સગાનું હશે, પણ ભૂલીને જતા રહ્યા લાગે છે.' એટલે તારી માલિકીનું થઇ ગયું, એમ? શરમ નથી આવતી આમ ચોરી કરતા? સર! મેં ચોરી નથી કરી, ઘરાક ભૂલી જાય એમાં હું શું કરું? છોકરામાં દલીલ કરવા જેટલી હિંમત આવી, પણ ડો. શાહે એની દલીલને ભાંગીને, તોડીને, કાપીને, દળીને ઝીણા લોટ જેવી કરી નાખી. 'ચોરી' ઉપર ટુંકું પણ મનનીય ભાષણ ઠોકી દીધું. છોકરો શરમિંદો થઇ ગયો. સાહેબે હોસ્પિટલના નોટિસ બોર્ડ ઉપર એક ખોવાયેલું શર્ટ મળ્યાની જાહેરાત મૂકી દીધી. પૂરા એક મહિના પછી સૌરાષ્ટ્ર બાજુનો એક દરદી ફોલો-અપ તપાસ માટે આવ્યો ત્યારે એણે જાહેરાત વાંચી. એણે શર્ટની નિશાની આપી અને એ એનું જ છે એની સાબિતીઓ રજૂ કરી, શર્ટ એને સોંપી દેવામાં આવ્યું એ પછી જ ડો.શાહ સાહેબે રાહતનો શ્વાસ ખેંચ્યો. હોસ્પિટલના વોર્ડબોયથી લઇને ડોકટરો લગી ડો.શાહની પ્રામાણિકતાની વ્યાખ્યા પ્રસરી ગઇ. મને તો આ ઘટના વિશે ત્યારે ખબર પડી જયારે કોઇએ મને કહ્યું. મારા મનના કેન્વાસ ઉપર ડો.વી.ડી.શાહનું જે ચિત્ર અંકાયેલું હતું એમાં શ્વેત રંગનો એક લસરકો ઉમેરાઇ ગયો. પ્રામાણિકતા મનેય પ્રિય છે, પરંતુ આટલી હદે નહીં. રસ્તામાં પડેલી કરન્સી નોટ જો મને જડી જાય તો હું પાંચ દસ મિનિટ બગાડીને આજુબાજુમાં પૂછપરછ કરી લઉં. પછીયે જો એનો મૂળ માલિક ન મળે તો કાં એ રકમ ભિખારીને આપી દઉં, કાં કો'ક સેવાની સંસ્થામાં જમા કરાવી દઉં. મંદિરમાં તો ન જ મુકું! પણ ઉપરની ઘટના પછી મને ખબર પડી કે આ પણ એક પ્રકારની ચોરી જ ગણાય. ખરી વાત એ ગણાય કે જડેલી ચીજ એના મૂળ માલિકને જ સોંપી દેવી જોઇએ. એક વાર સર્જિકલ વિભાગના ડો.કાલરિયા ડો.વી.ડી. ને મળવા આવ્યા, 'સર! એક સારા સમાચાર આપવા આવ્યો છું. આપણી હોસ્પિટલના તમામ ડોકટરોને દીવ લઇ જવાનો કાર્યક્રમ બનાવ્યો છે. આપ જોડાશો ને?' ત્રણ દિવસ ને બે રાતનું પેકેજ છે. 'વી.ડી. હસ્યા, 'વેરી ગુડ! હું પણ તમારી સાથે આવું છું. મારે કેટલું કંટ્રીબ્યુશન આપવાનું છે?' કહીને એમણે ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું. ડો.કાલરિયાએ એમને અટકાવ્યા, 'એક પૈસાનુંયે નહીં, સર!' આપણામાંથી કોઇએ કશું જ આપવાનું નથી. આખી ટ્રીપ દવાની કંપની તરફથી સ્પોન્સર્ડ થયેલી છે. 'કઇ ખુશી માં?' ડો. વી.ડી.નાં ભવાં તંગ થયાં. 'આપણી હોસ્પિટલના વપરાશ માટે પૂરા વર્ષની દવાઓનો સ્ટોક આ કંપની પોસથી આપણે ખરીદવાના છીએ એના બદલામાં?' ડો.કાલરિયાનો અવાજ આવી રેહલા વાવાઝોડાની શકયતા પારખીને ધ્રુજવા માંડ્યો. વાવાઝોડું ત્રાટક્યું. 'શરમ નથી આવતી તમને આવી સોદાબાજી કરતાં? કેન્સલ ધી ટ્રિપ એન્ડ કેન્સલ ધેટ ઓર્ડર ઓલ્સો! આજે સાંજે હોસ્પિટલના ઓડિટોરિયમમાં એંશી ડોકટરો સાંભળી રહ્યા અને ડો.વી.ડી. ગરજતા રહ્યા, વરસતા રહ્યા, તાંડવ બનીને ત્રાટકતા રહ્યા. 'પ્રામાણિકતા' ઉપરનું પ્રલંબ પ્રવચન સાંભળીને ડોકટરો છુટા પડ્યા. આ ઘટનાની જાણ મને તો કેવી રીતે હોય? મને તો ત્યારે ખબર પડી જયારે મને કોઇકે કહ્યું. મારા દિમાગના કેન્વાસ ઉપર ડો. વી.ડી.ની જે છબી દોરાયેલી હતી એ વધુ ને વધુ ઊજળી બની રહી હતી.

એક વાત તો મને તાજેતરમાં જ જાણવા મળી. એમના ટેબલ ઉપરથી ટાંકણીનું એક બોક્સ ગાયબ થઇ ગયું. ડો.વી.ડી. શાહે દોઢ કલાક સુધી પૂરી હોસ્પિટલ ઉપર-તળે કરી નાખી. એક વાર્ડબોય છેવટે પિન-બોક્સ શોધી લાવ્યો, પણ એ બબડયા વિના રહી ન શક્યો, 'સાહેબ! પણ ખરા છે! દસ રૂપિયાની ટાંકણીઓ માટે દસ પટાવાળાને દોઢ કલાક લગી દોડાવ્યે રાખ્યા! શાહ સાહેબ સાંભળી ગયા. અડધા કલાક પછી એ દસેય વાર્ડ બોયઝને એમની ઓફિસમાં

બોલાવીને પિસ્તાળીસ મિનિટ સુધી માણસની જિંદગીમાં નાની ચીજોનું મહત્વ એ વિષય ઉપર ભાષણ પીરસતા રહ્યા. એમાં ગાંધીજીને પણ એમણે વણી લીધી.

પેન્સિલના નાનકડા ટુકડાને શોધી લાવવા માટે ગાંધીજીએ મનુબહેનને છેક બીજે ગામ રાતના સમયે દોડાવ્યા હતા એ ઘટનાનું દ્રષ્ટાંત આપ્યું. મને તો પછીથી આ વાત જાણવા મળી, પણ જાણ્યા પછી મને રુંવે રુંવે ટાઢક ફરી વળી. મને પ્રતીતિ થઇ ગઇ કે આ સદભાગી દેશમાં ગાંધીબાપુ ભલે આજે હયાત નથી, પણ ગાંધીવાદ તો જીવંત છે જ. મારા દિમાગમાં ડો.વી.ડી. શાહની છબી હવે શ્વેત જ શ્વેત હતી. હું આવા પ્રાતઃસ્મરણીય મહાનુભાવને મળવા માટેનો મોકો શોધી રહ્યો. જયારે હું ડો.શાહને મળ્યો ત્યારે દંગ રહી ગયો, 'અરે, વી.ડી.! તુ?!' એ પણ મને ઓળખી ગયો. ત્રણ-સાડા ત્રણ દાયકા પહેલાં અમે સાથે ભણતા હતા. મેડિકલ કોલેજમાં એકાદ વરસ આગળપાછળ હતા. 'વી.ડી., તારી પ્રમાણિકતા વિશે તો દંતકથાઓ સંભળાય છેને કંઇ! તું તો મેડિકલ જગતનો મહાત્મા ગાંધી બની ગયો છે.' 'ઠીક છે એ બધું. આવડી વિશાળ હોસ્પિટલનો વહીવટ કરવો હોય તો એવું બધું કરવું પડે, દોસ્ત! આજકાલ તો જો દિખતા હૈ વો બિકતા હૈ.' ડો.વી.ડી.એ હસીને જવાબ આપ્યો. પછી ઘંટડી મારીને પટાવાળાને બોલાવ્યો, 'સા'બ કે લિયે કુછ ઠંડા લે આઓ! ઔર બાહર કોઇ વિઝિટર હો તો ઉસે અંદર ભેજો!' પછી મારી સામે જોઇને ક્ષમાસૂચક નજરે કહ્યું, 'સોરી દોસ્ત! આપણે તો વાતો કરીએ એની સાથે થોડું કામ પતાવતો જઉં.. ' મેં ખભા ઉછાળયા. મને શો વાંધો હોય! એક ગરીબ જુવાન અંદર આવ્યો. હાથમાનો મોબાઇલ ફોન ટેબલ ઉપર મૂકીને એણે ડો.શાહની સામે બે હાથ જોડ્યા. એના પિતાની સારવારનું બિલ ઓછું કરવા માટે એ કરગરી રહ્યો. ડો.શાહે વિનંતી માન્ય રાખી. બિલમાં પચાસ ટકાની રાહત લખી આપી. યુવાન ગયો. ડો.શાહની નજર એના મોબાઇલ ઇન્સટ્રુમેન્ટ ઉપર પડી. પળ વારમાં એણે એ ઉઠાવીને ટેબલના ખાનામાં છુપાવી દીધું. પાંચેક મિનિટ પછી યુવાન પાછો આવ્યો, 'સર, મારો મોબાઇલ કયાંક.. મને લાગે છે કે હું અહીં તો ભૂલી નથી ગયોને?'' ના, ભાઈ! અહીં તો કશું જ નથી. યુ કેન ગો નાઉ!' ડો. શાહે ના પાડતી વખતે ચહેરાની એક પણ રેખા બદલવા ન દીધી. યુવાન ચાલ્યો ગયો. માનવામાં ન આવે તેવી વાત છે, પણ મારી નજર સામે બનેલી છે. મોટી હોસ્પિટલના મુખ્ય ડોકટર તરીકે લાખોમાં રમતા ડો.શાહે બીજી જ ક્ષણે ખાનામાંથી મોબાઇલ ફોન કાઢ્યો, એમાંથી સિમકાર્ડ બહાર કાઢ્યું, એના ટુકડા કર્યા અને ફેંકી દીધા. ઇન્સ્ટ્રુમેન્ટ સામાન્ય હતું, પણ વી.ડી.ના મોં પરની ખુશી અસામાન્ય હતી. મારી સામે જોઇને એણે કહ્યું, 'મારી વાઇફને ચાલશે. લો, ઠંડુ આવી ગયુ!' હું તો પીતાં પહેલાં જ ઠંડો થઇ ચૂક્યો હતો.

(શીર્ષક પંક્તિઃ હેમેન શાહ)

અમૃત વાણી

જયેન્દ્રકુમાર હેમતલાલ મહેતા
(જામકંડોરણા)

- ટી.બી. એ જો શરીરનો રોગ છે તો અહંકાર એ આત્માનો રાજરોગ છે.
- કર્મની ગતિ આગળ માળા, કે ગ્રહોના નંગ કામ નથી આવતા.
- આળસ એ આરામ નથી કંજુસાઇ એ કરકરસ નથી, અને ઉડાવપણું એ ઉદારતા નથી.
- સેંકડો મિષ્ઠાનો ખાધા છતા જીભ ચીકણી થતી નથી તેમ અનેક ભોગ ભોગવ્યા છતાં મન ધરાતું નથી.
- એજ મનુષ્ય સુખી છે જેની પાસે સદ્બુદ્ધિ અને વિવેક હોય છે.
- વિદુરજીના પુણ્યથી કૌરવો સુખી હતા. વિભિષણ ના પુણ્યથી રાવણ સુખી હતો પરંતુ તેમને હાંકી કાઢ્યા પછી કૌરવો અને રાવણનો વિનાશ થયો. પુણ્ય નું રક્ષણ જતું રહ્યું
- અનીતિનું હસીને લે છે અને રડીને કાઢવું પડે છે.
- સુતા જગાડ્યા સંત ભલા, લેવડાવે રામનું નામ, પણ ત્રણ મત જગાડજો, સિંહ, દીપડો, સાપ.
- આજે દિવસ છે એમનો કાલે તમારો આવશે, પ્રારબ્ધ આગળ કોઇ ફાવ્યો નહીં કે ફાવસે.
- સંત સપુત અને તુંબડા ત્રણેય એકજ સ્વભાવ, તારે પણબોલે નહીં.
- મન રાખો મજબુત, જગતને કોઇ નહિ જીતે બહુ બોલતી કહે બોલશે કમ બોલે કપટી.
- સમય અને સંજોગ જોયા વિના પ્રયત્ન કરવાથી કાર્યની હાનિ થાય છે.
- પોત-પોતાની શક્તિ અને મર્યાદાનો વિચાર કરીને જ કાર્યનો આરંભ કરવો જોઇએ.
- તક મળતા જ કાર્યકરી લેવું જોઇએ એક પણ ક્ષણનો પણ વિલંબ ન કરવો.
- અગ્નિ કરતા પણ કટુવાણીનો દાહ વધારે કષ્ટદાયક હોય છે.
- જેના આધારે જીવન જીવતા હોય તેની કયારેય ટીકા કરશો નહીં.

અમૃત વાણી

જયેન્દ્રકુમાર હેમતલાલ મહેતા
(જામકંડોરણા)

સોનેરી સૂત્રો

એક ડોકટરે બધા માટે એક નવા પ્રકારનું પ્રિસ્ક્રિપશન બનાવ્યું છે જે આપણે બધાએ મમળાવ્યા કરીને અને રોજિંદા જીવનમાં ઉતારવાથી જીવન સુખમાં પસાર થશે.

- દરરોજ ઓછામાં ઓછી ત્રણ વ્યક્તિના ચહેરા પર સ્મિત લાવો.
- ચર્ચા-નિંદા-કુથલી માં સમય ન બગાડો.
- ભૂતકાળ ભુલી જાઓ. વર્તમાન કાળનો આનંદ માણો.
- દરેક દલીલની સામે જીતી શકવાના નથી એટલે મતભેદ સ્વીકારી લો.
- સરખામણી કરવાનું છોડો કારણકે તમારા સુખનું કારણ ફકત તમે છો.
- દરેકને સ્મિત સહ માફી બક્ષો-જતુ કરવાની ટેવ પાડો.
- બીજા લોકો તમારા માટે શું વિચારસે એવા વિચાર છોડો.
- ગમે તેટલી ખરાબ પરિસ્થિતિ હશે, બદલાશે જરૂર.
- માંદા પડો ત્યારે તમારો બોસ નહીં પણ તમારા મિત્રો તમારી સંભાળ રાખશે માટે મિત્રોના સંપર્કમાં રહો.
- ઇર્ષા સમયનો બગાડ છે. તમને જોઇતું બધુ તમારી પાસે છે.
- ઉતમ હજી આવવાનું બાકી છે, માટે દરરોજ સવારે ઉઠીને ઇશ્વરનો આભાર માનો.
- દરરોજ દસ થી ત્રીસ મિનિટ ચાલવા જાઓ અને હા ચાલતી વખતે ચહેરા પર હળવું સ્મિત હોયતો ઉત્તમ.
- દરરોજ સાત કલાક ઉંઘો અને રોજ આછોમાં ઓછી દસ મિનિટ માટે એકાંતમાં બેસો.
- ધ્યાન, યોગ અને પ્રાર્થના માટે સમય ફાળવો.
- પુષ્કળ પાણી પીઓ.
- જોશ, ઉત્સાહ, અને કરૂણા આ ત્રણ મહત્વના ગુણ છે જીવનમાં.
- ગયા વર્ષ કરતા આ વર્ષે વધારે પુસ્તકો વાંચો.
- સિતેરથી વધારે ઉંમરના વૃદ્ધ અને સાત થી ઓછી ઉંમરના બાળકો સાથે રોજ થોડો સમય જરૂર ગાળો.
- જાગતામાં સપના જુઓ.

અતીની ગતિ નથી

જયેન્દ્રકુમાર હેમતલાલ મહેતા
(જામકંડોરણા)

'અતિ ભલો નહિં બોલનો, અતિ ભલી નહીં ચુપ
અતિ ભલી નહીં બરસનો, અતિ ભલી નહીં ધૂપ'

માણસ જયારે જીવનમાં લક્ષ્મણ રેખા ઓળંગી જાય છે ત્યારે કુદરત તેના નાશ માટે શસ્ત્ર ઉગામે જ છે. એમ વાસ્તવિક જીવનમાં પણ અતિ ખાવું, અતિ પીવું, અતિ હરખઘેલું થવું, અતિશય 'ડોન' વેડા કરવા, અતિ ગુસ્સો, અતિ કર્કશ વાણી, અતિશય દગાખોરી, અતિ ઇર્ષા કરવી તેનો પણ કુદરતી રીતે જ અંત આવે છે. દડાને રોકયો નથી રોકાતો પણ તે દડો ભીંતે ભટકાઇને જ પાછો પડે છે.

અતિશય બાલેવું પણ સારું નથી, અતિશય ચુપ રહેવું પણ સારૂ નથી, અતિશય વરસાદનું વરસવું પણ સારૂં નથી, અને અતિશય ધૂપ (તડકો) પણ સારો નથી.

આજના સમયમાં અતિશય બેફામ રીતે ડ્રાઇવીંગ કરીને કેટલા નિર્દોષ માણસોનો ભોગ લેવાઇ જાય છે. અતિ મદીરાપાન કરીને પત્નીને ત્થા પાડોશીઓને પણ ત્રાસ આપવામાં માણસો નિદોર્ષ લોકોને ત્રાસ આપવાનું મુકતા નથી. અતિશય ઊધી માણસ ઘરમાં કંકાશ પેદા કરીને ઝઘડા કરીને ગોરાના પાણી પણ સુકવી નાખે છે.

આજે મોબાઇલે પણ બાળકો ત્થા યુવાનોને માજા મુકાવી છે. અતિશય મોબાઇલમાં વ્યસ્ત વ્યક્તિને સમયનું ભાન રહેતું નથી. જવાબદારીનું ભાન રહેતું નથી. મોબાઇલ ન અપાવો તો અને મોબાઇલ અતિશન ન જોવાનું કહેવામાં આવે તો પણ માણસ આપઘાત કરી લે છે કયાં જઇને આ બધું અટકશે ?

દિવસે દિવસે સમય ખરાબ આવતો જાય છે. અતિ, અનીતિ, ભ્રષ્ટાચાર પણ દિવસે દિવસે વધતા જાય છે. અતિ ભેળ સેળ કરીને માણસની જીંદગીને તબાહ કરવામાં પણ માણસ પાછું વળીને જોતો નથી. માણસને આવા કપરા સમયમાં તમાચો મારીને મોઢું લાલ રાખવું પડે છે. પરંતુ આજે કુદરતના અતિ કરતા માણસનું 'અતિ' વધી ગયું છે. આ અતિનું 'ઇતી' કયારે થશે તે ભલે નક્કી નથી પરંતુ 'અતિ' સર્વત્ર વજયતે એ આપણે હમેંશા યાદ રાખવું જોઇએ.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ - બોરીવલી

આપણા મંડળનો આ વર્ષનો વધુ એક કાર્યક્રમ તા.૧૪-૪-૨૦૨૫ ના રોજ યોજવામાં આવ્યો. જે ઓરકેસ્ટ્રા જોડે - 'મેરી આવાજ હી પહેચાન હૈ' ના વિષય જોડે ખુબ સુંદર રીતે માણવામાં આવ્યો.

કાર્યક્રમની શુભ શરૂઆત મંડળના સેક્રેટરી કવિતાબેને દરેકને આવકારીને કરી. પછી ઓરકેસ્ટ્રાને આવકારતા શ્રીમતી કિર્તિબેન મયુરભાઈ મહેતા તથા સાથી કલાકારોને પરિચય આપવા સ્ટેજ પર નિમંત્રણ અપાયું. કિર્તિબેન જેઓ મંડળના મેમ્બર પણ રહી ચૂક્યા છે તથા જેમના અવાજને પણ મંડળ પહેલા માણી ચુક્યુ છે એમને માઇક સોપવામાં આવ્યું.

સંગીતની રમઝટ હીટ ગીતોની વણઝારથી શરૂ થઇ. બધા મેમ્બર બહેનો પણ મન મૂકીને ગીતોની મજા લેવા જોડાયા. સાથે ગીતો ગાયા તથા ડાન્સ કરીને પુરૂ વાતાવરણ આનંદીત થઇ ઉઠયું.

સાથે જ પ્રોગ્રામમાં આગળ વધતા મેમ્બર બહેનોએ યાદ રાખીને મંડળને જે ભેટ આપી તેમના નામ જણાવી મંડળે આભાર વ્યક્ત કર્યો.

આ કાર્યક્રમમાં જે બહેનો લઘુ ઉદ્યોગ તરીકે પોતે કામ કરી રહ્યા છે તેમને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી જે બહેનોના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. તેમની જાણકારી મેમ્બરોને આપી તેમને સ્ટોલની મુલાકાત લેવા માટે જણાવ્યું, ચાર સ્ટોલ હતા જેમાં એક સ્ટોલ કુર્તી લેગીંગનો, એક જયણાપૂર્વકના નાસ્તાનો, એક શરબતનો તથા એક ટીટબીટ મસાલાનો સ્ટોલ - આ બધાની માહીતી આપવામાં આવી.

લકી ડ્રો તરીકે સરપ્રાઈઝ ડ્રો રાખવામાં આવ્યો હતો. જેમાં મંડળે મેમ્બર્સની ખુરશી પાછળ સ્ટીકર હોય તેમને ૩ લકી ડ્રોના ઇનામો આપવામાં આવ્યા. સંગીતના કાર્યક્રમને આગળ વધારતા ગીત સંગીતની ધૂન ફરી ચાલુ થઇ અને ક્વીઝનો રાઉન્ડ થયો જેમાં ગીતોને લગતા સવાલો પુછાયા અને જવાબ આપનારને કેડબરી આપીને ગીતની મીઠાશ માણતા માણતા મોં મીઠું કરાવ્યું.

સંગીતથી દરેક દીલ જોડાયેલું તો હોય જ છે તેથી એક ઉત્સવ જેવો માહોલ ઉભો થવાની અનુભૂતિ થઇ. એક ક્વીઝ કમીટી બહેનો માટે પણ રમાઇ જેમાં જોડાઇને ગરબા રમીને આ આનંદમાં ઉમેરો થયો. ગીત, સંગીત, ગરબા, કવીઝ, ડાન્સ તથા મનોજકુમારની યાદમાં એના ગીતો - આ સાથે કાર્યક્રમ ખૂબ જ મનોરંજક રહ્યો.

ત્યારબાદ ચૌવિહારને ન્યાય આપતા ચટાકેદાર ફુડની મજા લીધી.

મંડળ જે નવા આઇકાર્ડ બનાવી રહ્યું છે તેમાં ફાળો નોંધાવતા કિર્તિબેન મહેતાએ પહેલા પેજ માટે જાહેરાત આપી તથા છેલ્લા પેજ માટે શ્રી પરેશભાઈ શેઠ તરફથી જાહેરાત મળી, જેનો મંડળ હૃદયપૂર્વક આભાર માને છે. વર્ષોથી આ બંને પેજ માટે મંડળને કિર્તિબેન તથા પરેશભાઇ શેઠ તરફથી હંમેશા સહકાર મળતો રહ્યો છે જેની નોંધ લેતા મંડળ આ સહકારને સહર્ષ વધાવે છે.

બીજા પેજ માટે હોંશપૂર્વક શ્રીમતી ઉષાબેન પંકજભાઈ વોરાએ પણ આગળ આવીને પોતાના કામ ને લગતી જાહેરાત આપી. જેનો મંડળ દીલથી આભાર માને છે. બીજા કોઇને આઇકાર્ડમાં જાહેરાત આપવાની ઇચ્છા હોય તે જરૂરથી પ્રમુખ શ્રીમતી તુલાબેન મહેતાનો સંપર્ક કરે.

આમ બધા મેમ્બર બહેનો કાર્યક્રમના સંગીતને માણી ખાઈપીને છુટા પડયા.

પ્રમુખ	ઉપપ્રમુખ	સેક્રેટરી
શ્રીમતી તુલાબેન મહેતા	શ્રીમતી દિપ્તીબેન માજની	શ્રીમતી ફાલ્ગુનીબેન મહેતા
		શ્રીમતી કવિતાબેન મહેતા

'શિક્ષણ એ શક્તિશાળી સમાજની મૂળધારા છે. વિદ્યા વિના જીવન અધૂરું છે.'

સમાજ દ્વારા રજૂ થયેલી શિક્ષણ યોજનામાં ઉદાર હાથે સહાય કરવા સમાજનાં લોકોને નમ્ર વિનંતી

કોઇ પણ સમાજનાં સર્વાંગી વિકાસ અને પ્રગતિ માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે. જેમ જેમ શિક્ષણનો વ્યાપ વધતો જશે તેમ તેમ સમાજ સમૃદ્ધ બનતો જશે. શિક્ષણના કારણે આપણી સેકન્ડ જનરેશને સમાજની કાયાને બદલી નાખી છે. આજે શિક્ષણના કારણે ઘણા કુટુંબો સમૃદ્ધ બન્યાં છે. આના કારણે મધ્યમ વર્ગના લોકો ઘણા ઊંચા આવ્યા છે. તેમના ઘણા પ્રશ્નો હલ થયાં છે. આજે તેમને હાથ લાંબો કરવો પડે તેમ નથી. આ કુટુંબો સમૃદ્ધ અને સ્વાવલંબી બન્યાં છે. તેઓ હવે બીજાને મદદ કરી શકે તેવી પરિસ્થિતિમાં છે. શિક્ષણનો આ જાદુ છે. બીજાં કેટલાંક સમાજો કરતાં શિક્ષણના ક્ષેત્રમાં આપણે ઘણાં પાછળ છીએ.

જીવનના ઘડતર માટે પણ શિક્ષણ અતિ આવશ્યક છે. આપણો સમાજ આ અંગે કાર્યરત છે. શિક્ષણ આજે ઘણું મોંઘુ થયું છે જે સામાન્ય માણસને પરવડે તેવું નથી. આવા કુટુંબોને આ માટે સહાયની જરૂરત છે. સમાજની કારોબારી સમિતી આ અંગે જાગૃત છે. સમાજ કક્ષાએ **'પરેશ સંજય અમીચંદ જીવનલાલ વોરા શૈક્ષણિક ફંડ'** યોજના ચાલું છે. જેના અંતર્ગત મુંબઈ તથા મુંબઈની બહાર વસતા વિદ્યાર્થીઓ માટે શાળા અને કોલેજની ફી માટે સહાય આપવામાં આવે છે. કોર્પસ ફંડના વ્યાજમાંથી તથા બીજા દાતાઓના સહકારથી આ યોજના અવિરતપણે ચાલુ રહી છે પણ હાલનાં મોંઘવારીના સમયમાં આ ફંડ ઓછું પડે છે.

દીવાળી, ભાઈબીજ ૨૦૨૪ના સંમેલનમાં સમાજનાં પ્રમુખ શ્રી કિરીટભાઈએ ઉપરોક્ત યોજના માટે એક પ્રસ્તાવ સમાજ સમક્ષ મૂક્યો છે. જે અંતર્ગત કોઇ પણ વ્યક્તિ કે પરિવાર રૂપિયા ૧૮૦૦૦ રૂપિયા આપીને એક વિદ્યાર્થીને એક વર્ષ માટે દતક લઇ તેના અભ્યાસનાં ખર્ચમાં સહાયરૂપ થઇ શકે છે. ઉપરાંત કોઇ વ્યક્તિ કે પરિવાર રૂપિયા ૩,૬૦,૦૦૦ કોર્પસ ફંડમાં આપી તેના વ્યાજમાંથી ૨૫ વર્ષ સુધી એક વિદ્યાર્થીને દતક લઇ શકે છે.

આ પ્રસ્તાવને સંમેલનમાં ઉપસ્થિત લોકોનો સારો પ્રતિસાદ મળ્યો અને અંદાજે રૂપિયા સાડાબાર લાખ જેટલી રકમ ભેગી થઇ.

ઉદાર દિલ દાતાશ્રીઓ અને સમાજ પ્રેમી લોકો માટે હજુ પણ શિક્ષણના આ યજ્ઞમાં સ્વેચ્છાએ જોડાવાની અમૂલ્ય તક છે. સમાજની કારોબારી સમિતી આપ સૌને આગ્રહભરી વિનંતી કરે છે કે આપ સૌ આપની ઇચ્છા અને ક્ષમતા પ્રમાણે આ યોજનામાં ભાગીદાર બનશો. આનાથી વિદ્યાર્થીઓને તો લાભ મળશે પણ સાથોસાથ સમાજનાં વિકાસ અને ઉત્કર્ષમાં સહભાગી બનશો.

સમાજનાં પરિવારો દેશમાં જુદા જુદા સ્થળોએ અને વિદેશમાં વસેલા છે. તે દરેક સાધન સંપન્ન પરિવારોને આ અંગે ઉદાર સહાય કરવા સમાજની કારોબારી સમિતી વિનંતી કરે છે. કુટુંબમાં એક વિદ્યાર્થી આગળ વધીને ઉચ્ચ સ્થાને જશે તો આખું કુટુંબ તરી જશે. આનો અમૂલ્ય લાભ દાતાઓને મળશે. શિક્ષણ અંગેનું દાન સૌથી મોટું દાન છે.

આ યોજના અંતર્ગત આપેલ દાન ૮૦ જી હેઠળ કરમુક્ત છે. આપ સૌનો આ અંગે સહકાર મળી રહેશે એવી આશા અસ્થાને નથી.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

પ્રમુખ સેવક

શ્રી કિરીટભાઈ પ્રભુલાલ મહેતા

શૈક્ષણિક સહાય કમિટી

શ્રી જયુભાઈ સી. દોશી - કન્વીનર

શ્રી કીશોરભાઇ એલ રામાણી, શ્રી મેહુલભાઈ વી. શેઠ, શ્રી હિતેષભાઈ સી. વોરા

PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH

આરોગ્ય આર્થિક સહાય યોજના

સમાજના પુણ્યશાળી વડીલો, દાતાશ્રી ભાઈઓ તથા બહેનો,

પ્રણામ, જય જિનેન્દ્ર

સમાજના કોઇપણ પરિવારનો સભ્ય માંદગી માં જયારે પટકાય ત્યારે સૌથી વધારે ચિંતા માંદગીમાંથી કયારે બહાર નીકળશું અને માંદગીના ખર્ચને કેમ પહોંચી વળશું ? જયારે માંદગીમાંથી પરિવારનો સભ્ય બહાર આવે છે ત્યારે મનમાંથી એક હાશકારો તો નીકળે છે. જયારે પણ જરૂરતમંદ સભ્ય પરિવારનો સભ્ય માંદગી માં પટકાય ત્યારે આખો પરિવાર આર્થિક રીતે પાયમાલ થઇ જાય છે. જરૂરતમંદ કુટુંબ માં આવકની રકમ લગભગ ફિક્સ હોય છે અને તેમના ખર્ચનું પણ એક બજેટ બનેલું હોય છે. તેમના ફિક્સ ખર્ચના બજેટ ઉપરાંત વધારોના આર્થિક બોજો આવેલી માંદગી જે પરિવારના તમામ સભ્યોની ચિંતામાં વધારો કરાવી જાય છે. અણધારી આવેલી માંદગી આખાય બજેટ ને અને ઘરને વેરવિખેર કરી નાંખે છે.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ-મુંબઈ ના પ્રમુખ સેવક શ્રી કિરીટભાઈ એ જરૂરતમંદ મધ્યમ વર્ગીય પરિવાને માંદગીના ખર્ચમાં વધારેમાં વધારે રાહત મળે તે હેતુથી **'આરોગ્ય આર્થિક સહાય યોજના'** વર્ષ ૨૦૨૪માં તૈયાર કરી હતી અને તેમાં લગભગ અત્યારે રૂપિયા ૪૫ લાખ (કોર્પસ ફંડ) નું ભંડોળ જમા થયેલ છે.

પ્રમુખ સેવક શ્રી કિરીટભાઈ તેમજ તેમના સાથી કાર્યકર્તાઓની ટીમનો ટાર્ગેટ લગભગ એક કરોડ રૂપિયાનું (કોર્પસ ફંડ) ભંડોળ એકઠું કરવાનો છે અને તે સ્વપ્ન ને સાકાર કરવા તેઓ અને ટીમના દરેક સભ્યો તનતોડ મહેનત કરી રહ્યા છે.

આ સ્કીમમાં મુખ્ય દાતા રૂપિયા ૫૪ લાખ, સહાયક દાતા ૫,૪૦,૦૦૦ થી માંડીને રૂપીયા ૫૪૦૦ સુધી ની સ્કીમો છે. સમાજનો દરેક દાનવીર વર્ગ આ યોજનામાં જોડાય તે હેતુ થી આ યોજના તૈયાર કરવામાં આવી છે. જેની વિગત પેમ્ફલેટ માં આપેલી છે.

આપણા જૈન શાસન માં સાધિર્મક પરિવારને સહાયરૂપ થાવું તે આપણી પ્રાથમિક ફરજ છે. શુભ કાર્ય માટે ફાળવેલું ધન આપણા પુણ્યમાં ધરખમ વધારો કરે છે તેમજ સૌથી મોટો સંતોષ આપણું અમૂલ્ય ધન કોઇક ની આંતરડી ઠારશે તેનાથી વિશેષ કંઇ જ નથી. આ સમાજ ખરેખર મારો છે અને હું એક મારાં જરૂરિયાત વાળા ભાઈને કેવી રીતે એક હૂંફ પૂરી પાડી શકું તે જ એક સાચા શ્રાવકનો ધર્મ છે. મેડિકલ એ એકદમ ખર્ચાળ છે અને મધ્યમ વર્ગીય માણસ ની કમર તોડી નાખે છે. બીમારી ઘરમાં આવે છે અને ઘણી વખતે ઘરને આર્થિક રીતે પાયમાલ કરી દેતા હોય છે.

સમસ્ત સમાજના મહાનુભાવોને નમ્ર અપીલ કરીએ છીએ કે આપ આપની અમૂલ્ય સંપતિનો સદ્‌ઉપયોગ આ યોજનામાં દાન રૂપે આપી સમાજના આ ભંડોળમાં વધારો કરવામાં આપનો સાથ આપશો જેથી કરીને આપના થકી આપણાં સમાજના દરેક જરૂરિયાતમંદ પરિવારને વધારેમાં વધારે સહાય રૂપ થઇ શકાય તેવી આશા સાથે... આપનો વિશ્વસનીય.

આ યોજના અંર્તગત આપેલ દાન ૮૦-જી હેઠળ કર મુકત છે. આપ સૌનો આ અંગે સહકાર મળી રહેશે તેવી આશા અસ્થઆને નથી.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

પ્રમુખ સેવક

શ્રી કિરીટભાઈ પ્રભુલાલ મહેતા

શ્રી યોગેશભાઈ વી. વોરા - કન્વીનર

શ્રી ધીરેનભાઈ ડી. વસા **શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા - ભાયંદર** **ડૉ. ધર્મેશભાઈ આર. વોરા**

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : JAYESH S. VASA